

Price Rs. 5-00

# SHREE SWAMINARAYAN

Monthly

Publish of Magazine on 11th of Every Month • Volume 151 • November-2019



Bal Mandal Suvarna Jayanti Mahotsav - Jaipur

Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001





Nutan Varsh Annkut Darshan in our temples






Kalupur



Chhapaiya



Jetalpur



New Ranip



Nathdwara




# શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**

**વર્ષ - ૧૩ ● અંક : ૧૫૧**

**નવેમ્બર-૨૦૧૯**

**(મૂળ વર્ષ ૫૦)**





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
**Mo. : 9099098969**
**magazine@swaminarayan.in**
**www.swaminarayan.in**

એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | સિંહાસનની સ્થાપના | ૦૬ |
| ૦૪. | હે ગોપીનાથજી મારા કષ્ટને દૂર કરો | ૦૮ |
| ૦૫. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૧ |
| ૦૬. | સત્સંગ બાલવાટિકા | ૧૪ |
| ૦૭. | ભક્તિ સુધા | ૧૭ |
| ૦૮. | સત્સંગ સમાચાર | ૨૫ |

# અસ્મદીયમ્

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે વાચકોને નૂતન વર્ષના જયશ્રી સ્વામિનારાયણ.

જીવન એવું જીવીએ કે આપણાથી બને તો કોઈને પણ ઉપયોગી બની શકીએ. એક માણસ તરીકે સૌનું ભલું અને શ્રેય થાય તેવું આપણું જીવન ફુલની જેમ સુગંધીત હોવું જોઈએ. આપણા સંપ્રદાયની શ્રીહરિએ લખેલી શિક્ષાપત્રીમાં દરેકના ધર્મ વર્ણવેલા છે. આપણે સવારમાં પ્રાતઃ પૂજામાં રોજ વાંચીએ છીએ. પણ જો તેનું ચૂસ્તપણે પાલન કરીએ અમલ કરીએ તો ખરેખર આપણને કોઈ સમસ્યા જ ઉભી ન થાય. તેમાં સરકારી કાયદા પણ આવી જાય. આપણા ઈષ્ટદેવે આપણને સુખી થવા માટે જ આ નાની એવી અલૌકિક મહાન શિક્ષાપત્રી ભેટરૂપે આપી છે.

ભગવાન કેમ રાજી થાય એ જો શીખી લીધું હોય તો આપણે કાંઈ કરવાનું ન રહે. વચનામૃતમાં (કા.-૧૦) મહારાજે કહ્યું છે જે, અને અમારો તો એજ ઈશ્ક છે ને એજ સિધ્ધાંત છે જે, તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તા હર્તા જાણીને અને સ્વામી સેવક ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહિ.

આપણે ઉપરોક્ત શ્રીહરિના આ વચનામૃતના કૃપા વાક્યો ને જીવ સાથે જોડી દઈએ તો જરૂર આપણે મોક્ષ અને કલ્યાણના અધિકારી બનીશું. આ વરસનું ચોમાસું ખૂબજ સારું રહ્યું. મોટા મોટા ડેમો, સરોવરો અને નદીઓ છલકાઈ ગઈ છે. પરંતુ સતત વરસાદને કારણે તેમજ કમોસમી વર્ષાદથી કપાસ-મગફળી, બાજરો આદિ પાક નિષ્ફળ ગયા છે. આપણી સરકાર ખેતીપાકની નુકશાનીનું સર્વે કરીને દરેક ખેડૂતને વળતર મળે તેવી તેમની માંગણી સંતોષાય તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની

# તવારીખ



**(સપ્ટેમ્બર-૨૦૧૯)**

૫થી૮ શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરન્ટો (કેનેડા) ૧૧ માં પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૦ ડેમાઈ (તા. બાયડ) ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર પાટોત્સવ પ્રસંગે પધરામણી.

**(ઓક્ટોબર-૨૦૧૯)**

૪ શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સેકટર-૨ પધરામણી.

૫ પ.ભ. સુરેશભાઈ ઠક્કર, પ.ભ. રતિભાઈ પટેલ, પ.ભ. ભાવેશભાઈ ભાવસારને ત્યાં પધરામણી, થલતેજ.

૬ શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા (નૂતન મંદિર) સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

૮ ૪૭ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ બાગથી સંત-પાર્ષદ મંડળ સાથે શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પદયાત્રા કરી.

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં અ.નિ.પ.ભ. વર્ષાબેન પાઠક (લંડન)ના સ્મરણાર્થે આયોજીત કથા પારાયણની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં સમૂહ ચોપડા પૂજન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.

૨૮ નૂતન વર્ષના શ્રી નરનારાયણદેવની શ્રૃંગાર આરતી અને અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૩૦ મહાદેવપુરા છાલા નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરના ખાતમુહૂર્ત પ્રસંગે પધરામણી.

૩૧ આજોલ ગામે કથા પારાયણ પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(સપ્ટેમ્બર-૨૦૧૯)**

૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીનો વરઘોડો પોતાની શુભ નિશ્રામાં સંપન્ન થયો.

**(ઓક્ટોબર-૨૦૧૯)**

૨૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં અ.નિ.પ.ભ. વર્ષાબેન પાઠક (લંડન)ના સ્મરણાર્થે આયોજીત કથા પારાયણની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં કાળીચૌદશના શ્રી હનુમાનજીની પૂજન-આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૮ નૂતન વર્ષના શ્રી નરનારાયણદેવની શ્રૃંગાર આરતી અને અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.



# સિંહાસનની સ્થાપના

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

ભગવાને વરાહ અવતાર ધારણ કરી દિતિપુત્ર હિરણ્યાક્ષનો વધ કર્યો. તેનો નાનો ભાઈ હિરણ્યાકશિપુએ ભગવાન નારાયણ સાથે વૈર બાંધી દ્રોહ કરવા લાગ્યો. અનંત શક્તિઓના સ્વામી પરબ્રહ્મનો મુકાબલો કરવા ૩૬ હજાર વર્ષ કઠિન તપશ્ચર્યા કરી પિતામહ બ્રહ્મા થકી એકસો વરદાનો વડે અજર અમર બનવાની સુરક્ષા મેળવી લીધી. હિરણ્યકશિપુએ ધર્મ, ધર્મસ્થાનો, ધર્મધારીઓને ત્રાસ આપી આપીને નાશ કરવા પોતાની તમામ શક્તિઓ કામે લગાવી દીધી. વિરંચી બ્રહ્માના વરદાનથી ડરતા તમામ માનવ-દાનવ, દેવ હિરણ્યકશિપુને શિક્ષા કરવા સમર્થ ન રહ્યા ત્યારે દેવોએ બ્રહ્માજીને વિનંતી કરી. તે સહુ સાથે મળીને શેષશાયી શ્રી નારાયણ ભગવાનના શરણે ગયા.

પરબ્રહ્મ પરમાત્મા ધર્મની રક્ષાને કાજે બ્રહ્માજીના વરદાનોનો ભંગ ન થાય તેનું ધ્યાન રાખીને હિરણ્યકશિપુએ પુત્ર ભક્ત પ્રહલાદને મારવા જ્યારે તલવાર ઉગામી તે રાજમહેલમાં જ પરબ્રહ્મ નૃસિંહરૂપ અડધું શરીર માનવ અડધું સિંહનું વિકરાળ ભયંકર પ્રચંડ કડાકા ગગનભેદી અવાજમાંથી સ્થંભમાંથી પ્રગટ થયા. તે વૈશાખ સુદી ચૌદશની તિથિ દિવસ જ્યારે રાત્રીમાં લય પામતી હતી તેવી સંધ્યાના સમયે જન્મોજન્માંતરના કર્મનો હિસાબ ચૂકતે કરવા રાજમહેલના ઉંબરા પર બેસી હિરણ્યકશિપુને ગોદમાં લઈ પોતાના તીક્ષ્ણ નખ વડે ઉદરને ફાડીને શરીરમાંથી પ્રાણતત્વ પીવા તૈયાર થયા. ત્યારે નૃસિંહ બોલ્યા કે, અસુર ! તેં મારા ભક્ત પ્રહલાદનો દ્રોહ કર્યો એટલે તારા બધાજ સુકૃત ચાલ્યા ગયા છે. આજ તને ફેંસલો આપું છું. હવે તને વિરંચીના વરદાનો રક્ષા કરી નહિ શકે. એવું કહીને હિરણ્યકશિપુનો ઉદ્ધાર કર્યો. ત્યારે ત્રિલોકીમાં રહેતા તમામને નિરાંત થઈ.

ભગવાન નરસિંહના પ્રાગટ્યથી ત્રિલોકીની એક સમસ્યા ટળી ગઈ. પરંતુ બીજી એક સમસ્યા આવી પડી જે નૃસિંહ ભગવાનનો ક્રોધ-શાંત કરવાના બધાજ બધાના પ્રયત્નો નિષ્ફળ ગયા. જાણે નૃસિંહાવતાર પ્રહલાદને છોડીને જે સામે આવે તેને મારવા દોડી જતા. બ્રહ્માદિદેવો પણ ક્રોધ શાંત કરવા નિષ્ફળ રહ્યાં ત્યારે તેવા સમયે બ્રહ્માદિદેવો કૈલાશપતિ ભગવાન ભોળાનાથ આશુતોષ મહાકાલ દેવાધિદેવ મહાદેવના શરણે ગયા અને નૃસિંહાવતારના સંકટમાંથી મુક્તિ મેળવવા પ્રાર્થના કરી.

આજે સમય એવો આવી ગયો હતો કે, આંખો લાલ, જીભ બહાર વાળી આકૃતિવાળા નૃસિંહ ભગવાનનો ક્રોધ બધીજ સીમાઓને પાર કરી ચૂક્યો હતો એટલે ભગવાન શિવજીએ પોતાના સેવક મુખ્ય ગણદેવ વિરભદ્રને નૃસિંહાવતારને વશ કરવા મોકલ્યો. તેમને લાખો પ્રયત્નો પુરુષાર્થ કર્યા પણ તેમાં સફળતા ન મળી. ત્યારે ત્રિલોકીની રક્ષાની જવાબદારી સંભાળી રહેલા મહાદેવે રક્ષાના કાજે "સરભ અવતાર" ધારણ કર્યો. માનવ-પક્ષી-પશુના ૫

શરીર મિશ્રિત સર્વેશ્વરરુપ ધારણ કર્યું. ''શરભ'' એક પક્ષીની યોની છે તેની વિશાળ બે પાંખો, આઠ પગ, ચાર ભૂજાઓ વાળુ શરભ પક્ષી સિંહથી પણ અધિક શક્તિશાળી હોય છે. શરભાવતાર શિવ - નૃસિંહાવતાર - વિષ્ણુ બન્ને આમને સામને આવીને લડવા લાગ્યા. પ્રલયકારી ગગનભેદી અવાજથી બ્રહ્માંડ ફાટી જાય તેવા કડાકા ભડાકા થવા લાગ્યા. ભગવાન-વિષ્ણુ અને ભગવાન શિવ સિવાયના બધાજ ડરવા લાગ્યા. બન્ને સ્વરૂપની ભયંકર ભીષણ લડાઈથી ત્રિલોકી કાંપવા લાગી. તે યુદ્ધમાં લડતાં લડતાં શરભેશ્વર દેવે પોતાની વિશાળ પાંખો વડે નૃસિંહનો ક્રોધ શાન્ત કરવા પ્રયત્નો કર્યા. પરંતુ તે પ્રયત્નોમાં કાંઈ સફળતા ન મળી. ત્યાર પછી શરભેશ્વરદેવે પોતાની પાંખમાંથી એક શક્તિશાળી દેવીને ઉત્પન્ન કરી, તે દેવી પણ નૃસિંહનો ગુસ્સો શાંત કરવા માયાના હથિયાર વડે અનેક યુક્તિ પ્રયુક્તિ કરી પણ નૃસિંહદેવ જ્યાં ને ત્યાં જ રહ્યા.

મહાકાલાદેવ શરભેશ્વર અને ભગવાન નૃસિંહદેવનું યુધ્ધ ૧૮ દિવસ પર્યન્ત ચાલ્યું. અંતમાં શરભેશ્વર પોતાના મૂળ સ્વરૂપમાં પ્રગટ થઈને શ્રી નારાયણની સ્તુતિ કરવા લાગ્યા. એટલે નૃસિંહદેવ તત્કાળ શાન્ત થવા લાગ્યા. જેમ જેમ પ્રાર્થના કરતા જાય તેમના વિકરાળ રૂપમાંથી શાન્ત મૂર્તિ કમનીય મૂર્તિ રૂપે દર્શન થવા લાગ્યા ત્યારે ભગવાન નૃસિંહ શરભેશ્વર પ્રત્યે દિન વચન બોલ્યા કે, હે દેવ ! માગો માગો. ત્યારે શરભેશ્વર બે હાથ જોડીને બોલ્યા કે મને તમારા દિવ્ય નૃસિંહ અવતારના દેહની ચર્મ (ચામડી) આપો. હું તેના પર બેસીને તપશ્ચર્યા કરીશ અને ધારણ કરીશ. ત્યારે શરભેશ્વરની વિનંતી સાંભળી ભગવાન નૃસિંહે પોતાનો દેહ ત્યાગ કરવા તૈયાર થયા અને કહ્યું કે, હે મહાદેવ હું મારો દેહ ત્યાગ કરું છું. મારુ ચર્મનુ તમે આસન કરીને તેને ધારણ કરજો તથા બિરાજમાન થશો ત્યારે તમારી તપશ્ચર્યા ફળશે અને એવાં આપનાં દર્શન કરનાર મુમુક્ષુની સમસ્ત કામનાઓ પૂર્ણ કરીશું. અને તેઓના ચારેય પુરુષાર્થ તેને સિધ્ધ થશે. ભગવાન નૃસિંહે વિધિવત્ પોતાનું અવતાર કાર્ય પૂર્ણ કરી દેહ ત્યાગ કર્યો.

અને તે નૃસિંહ ભગવાનના ચર્મને લઈને શિવજી કૈલાસપર પધાર્યા અને આજે પણ સદાય ભોળનાથ સિંહના ચર્મને ધારણ કરે છે તથા આસન પર બિરાજમાન રહે છે. એટલે તે લીલાની સ્મૃતિમાં પરંપરાગત ભગવાન વિષ્ણુ હોય કે શિવ બધાજને સિંહાસન પર સ્થાપના કરવામાં આવે છે. નિત્ય નૈમિત્તિક પૂજા વિધિના સ્થાપનમાં સિંહાસનની કલ્પના કરવામાં આવે છે અને્ ભગવાનની અચલ સ્થાપનાના મંદિરોમાં આસન ઉપર નૃસિંહની આકૃતિ કંડારવામાં આવે છે. તો ક્યાંક નૃસિંહના મૂળનો દેખાવ કંડારીને ભગવાન નૃસિંહજીએ આપેલા વરદાન અનુસાર સ્થાપનના સ્થાનની નીચે સિંહાસન તરીકે સિંહને પધરાવામાં આવે છે. ભગવાનની ઉપર જે છત્ર કરવામાં આવે છે તે સિંહાસન નથી પરંતુ આપણા પુરાણોમાં લખેલી છુપાયેલી - છપાયેલી કથાઓના આધારે નૃસિંહાવતારના પ્રતિકરૂપે મૂર્તિના નીચે ઓટલો હોય તેને સિંહાસન કહેવાય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ લોયા વચનામૃતમાં કહ્યું કે ''પ્રહલાદ જે તે નૃસિંહજી પ્રત્યે બોલ્યા જે, હે મહારાજ ! હું તમારા વિકરાળ રૂપથી બીતો નથી ને તમે જે મારી રક્ષા કરી તેને હું રક્ષા નથી માનતો, ને તમે જ્યારે મારા ઈન્દ્રીયો રૂપ શત્રુના ગણ થકી રક્ષા કરશો ત્યારે હું રક્ષા માનીશ.'' તથા વચનામૃત ગ.મ.-૧૩ તથા લોયા-૧૪ માં તેજના સમૂહના મધ્ય ભાગને વિષે એક મોટું સિંહાસન છે ને તેની ઉપર દિવ્યમૂર્તિ એવા જે નારાયણ પુરુષોત્તમ ભગવાનન બિરાજમાન છે.'' તેમજ લોયા-૧૮ માં ''પછી પોતાની ઈચ્છાએ કરીને કાળરૂપ શિવ તે શરભનું રૂપ ધારીને આવ્યા ને નૃસિંહને શરભને યુધ્ધ થયું. પછી બેય જણે દેહ મુક્યો. તેણે કરીને શિવ શરભેશ્વર મહાદેવ થયા અને નૃસિંહજીએ દેહ મુક્યો તે નારસિંહી શિલા થઈ.''

સિંહાસનમાં ભગવાન શ્રી નૃસિંહાવતારના સ્વરૂપનું આવાહ્ન પૂજન કરવામાં આવે છે.

## માગસર વદ અમાસનું ગ્રહણ પાળવાનું છે

સં. ૨૦૭૬ માગસર વદ અમાસ
તા. ૨૬-૧૨-૨૦૧૯ ગુરુવાર
ગ્રહણ સ્પર્શ સવારે ૮-૦૦ કલાકે
ગ્રહણ મધ્ય સવારે ૯-૨૦ કલાકે
ગ્રહણ મોક્ષ સવારે ૧૦-૫૫ કલાકે

આ ગ્રહણનો વેધ તા. ૨૫-૧૨-૨૦૧૯ને બુધવારના રોજ રાત્રે ૮-૦૦ કલાકે શરૂ થાય છે. ત્યારબાદ ભોજન કરવું નહી. ગ્રહણ પુરુ થયા બાદ સ્નાન, પૂજા, પાઠ, દાન વગેરે કર્યા બાદ ભોજન કરવું.

- ભરતભાઈ શાસ્ત્રી

# હે ગોપીનાથજી મારા કષ્ટને દૂર કરો



- શાસ્ત્રી નિર્ગુણદાસ (અમદાવાદ)

॥ ठुमरी रागेण गीयते ॥

हर हर गोपीनाथ मम कष्टम् । हर....( ध्रुवपदम् )

सुरनर मुनिवर जलधरसुन्दर । मारमहामदमार । मम...१॥

राजीवलोचन पापविमोचन । दुर्गपुरीसुविहार । मम...२॥

हाटकभूषण हतजनदूषण । दिव्यगुणालयसार । मम...३॥

वृषकुलनायक सुरसुखदायक । कुन्दकुसुमशुभहार । मम...४॥

मंगलकारण गतिजितवारण । प्रेमवतीसुकुमार । मम...५॥

मानसमोदन दितिसुतरोदन । भूमिनिवारितभार । मम...६॥

विश्वविभावन दुर्मतिपावन । कालदवानलहार । मम...७॥

सुरकुलरंजन नित्यनिरंजन । भानुसुतावितनार । मम...८॥

ब्रह्मपुरासन जनहितशासन । निष्कामानन्दनिधान । मम...९॥

॥ इति निष्कामानन्दवर्णिविरचिता अष्टपदी समाप्ता ॥

ભગવાન શ્રીસ્વામિનારાયણે ઘોર કળિકાળમાં પ્રગટ થઈને સંસાર સાગરમાં મહાન દુઃખ અને કષ્ટ ભોગવતા જીવોના ઉદ્ધાર માટે પોતે કરેલા ચાર સંકલ્પો માં પ્રથમ સંકલ્પ મહામંદિરોનું નિર્માણ કરવું તેની પૂર્ણતા કરવા માટે જે આ પૃથ્વી ઉપર નવ મહામંદિરોની સ્થાપના કરીને તેમાં પોતાના સ્વરૂપો વિવિધ નામ અને આકૃતિ ધારણ કરેલાં સ્વહસ્તે પધરાવ્યા છે, તેમાં રહેલાં શ્રીહરિના તે દિવ્ય સ્વરૂપોમાં પૂર્ણ પુરષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણના દર્શન કરતાં પરમહંસો તે તે સ્વરૂપોની પોતાના હૃદય કમળમાં થતી પ્રેરણાથી તેમની સ્તુતિ અને પ્રાર્થના કરતા હતાં તેમાંની એક સ્તુતિ પ્રાર્થના નિષ્કામાનન્દવર્ણીએ શ્રીગોપીનાથજી મહારાજની સમક્ષ જે સ્તુતિ સંસ્કૃત ભાષામાં કરેલ છે, જેને આપણા સંપ્રદાયમાં અષ્ટકોના નામથી જાણીએ છીએ. તે અષ્ટક હર હર ગોપીનાથ ખૂબજ ગવાય છે અને પ્રસિદ્ધ છે. તેના શબ્દોના અર્થને સમજવાનો પ્રયત્ન કરીએ....

**હર હર ગોપીનાથ મમ કષ્ટમ્ । હર. (ધ્રુવપદ)**

**સુરનરમુનિવર જલધરસુન્દર મારમહામદમાર । મમ..૧॥**

પોતાના અને જીવમાત્રના જીવનમાં આવતાં અનેક વિધ કષ્ટો દુઃખોને દૂર કરવા માટે પોતાના ઈષ્ટદેવ અર્ચાસ્વરૂપે વિરાજમાન છે તેવા શ્રીગોપીનાથ પરમાત્માને વિનંતી સ્વરૂપે પ્રાર્થના આજીજી કરવા માટે હર હર દૂર કરો દૂર કરો એમ પોકાર કરીને કહેવા માટે આ શબ્દનો બે વખત ઉપયોગ કરેલ છે. તે શ્રીહરિ જે અહિં પ્રત્યક્ષ સ્વરૂપે ગોપીનાથ નામે વિરાજમાન છે. ગોપી અર્થાત કોઈ સ્ત્રી નહી પણ જે જીવાત્મા પોતાની સર્વ ઈન્દ્રિયોની વૃત્તિને વિષયોમાં થી પાછી વાળીને પોતાના ઈષ્ટદેવના સ્વરૂપમાં જોડી રાખે છે તે જીવ માત્રના માટે નાથ એટલે પતિ અર્થાત સર્વ પ્રકારે રક્ષણ કરનારા ભરણપોષણ કરનારા નાથ પતિ સ્વામી એવા આ મારા ઈષ્ટદેવ પરમાત્મા શ્રીહરિ છે કે જેમને મોટા મોટા દેવો ઋષિઓ મનુષ્યો સર્વ જેમની પ્રેમલક્ષણા ભક્તિ કરે છે. કારણ કે તેમની સુંદરતાં એવી છે જાણે અષાઢ માસના નવીન મેઘ વાદળો ખૂબજ

પાણી ભરીને આવ્યા હોય અને તેનો જેવો રંગ હોય તેવો શ્યામ રંગ છે. જે જગતને જીતનારા કામદેવના ગર્વનો નાશ કરે તેવા સુંદર દેખાય છે. જે સમગ્ર બ્રહ્માંડમાં એક જ છે. જેમનો કામદેવથી ક્યારેય પરાભવ થતો નથી. એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રીસ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૧)

**રાજીવલોચન પાપવિમોચન । દુર્ગપરીસુવિહાર । મમ..૨॥**

જળથી ભરેલાં સરોવરનો જે રાજા છે તેના જેવી સુન્દરતાં જળમાં કોઈની નથી એવા શ્રેષ્ઠ કમળની સમાન જેમના નેત્રો આંખો છે જે પોતાને આશ્રયે આવે છે તેને પોતાના કરેલાં સમગ્ર પાપોથી છોડાવીને આત્યંતિક મોક્ષ આપે છે. એવા પરમાત્મા આજ ગઢપુરમાં નિવાસ કરીને જ્યાં જ્યાં પોતાના આશ્રિતો છે ત્યાં તેમને મોક્ષ અપાવવા માટે વિચરણ કરે છે. એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક, જન્મ, મૃત્યુ, જરા વ્યાધિ, મોહ, માયા, અજ્ઞાન, વાસના આદિને દૂર કરો. (૨)

**હાટકભૂષણ હતજનદૂષણ । દિવ્યગુણાલયસાર । મમ..૩॥**

પોતાના આશ્રયે આવેલાં ભક્તોના મનને પોતાની મૂર્તિમાં જોડવા માટે સ્વયં પોતે અતિ શોભાયમાન સુવર્ણના આભૂષણો અલંકારો ધારણ કરેલ છે. જે પણ આશ્રિત તે રમ્યમૂર્તિના દર્શન કરે છે તેમના બધાજ પ્રકારના દોષો અવગુણોને દૂર કરે છે નાશ કરે છે. અને તેમનામાં અનેક પ્રકારના દિવ્ય સદ્‌ગુણો આપે છે સ્વયં પોતે તે સર્વ સદ્‌ગુણોના આશ્રય સ્થાન છે. એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રીસ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૩)

**વૃષકુલનાયક સુરસુખદાયક । કુન્દકુસુમશુભહાર । મમ..૪॥**

હરિપ્રસાદ વિપ્ર જે ધર્મદેવના નામથી પ્રસિદ્ધ છે તેમના કુલના વંશના નાયક છે તારણ હાર છે, અથવા જે ધર્મનું આચરણ કરે છે પાલન કરે છે તે સર્વના તારણ હાર છે. પોતાના આશ્રિત સાત્વિક સદાચારનું આચરણ કરનારા દૈવી સંપત્તિ વાળા એવા સુર દેવોને સદા સુખ આપે છે. જેમણે પોતાના કંઠમાં સુવર્ણના જેવા તેજસ્વી પોયણાના પુષ્પનો સુન્દર હાર માળા ધારણ કરેલ છે, એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રીસ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૪)

**મંગલકારણ ગતિજિતવારણ । પ્રેમવતિસુકુમાર । મમ..૫॥**

સમગ્ર જગતના સર્વ પ્રકારના મંગલનું જેઓ કારણ છે, અર્થાત સર્વનું કલ્યાણ કરવા માટે જ જેમણે અવતાર ધારણ કરેલ છે. જે મનુષ્ય શરીર એવું સુન્દર છે કે ચાલવાની કળા એવી છે કે જેનાથી મદોમત્ત હાથીની શ્રેષ્ઠ ગતીને પણ જીતી લે છે. અર્થાત તેના કરતાં પણ શ્રેષ્ઠ ચાલે કરીને ચાલે છે. તે સ્વરૂપ જેમણે પોતાના માતા ભક્તિદેવી જે સાક્ષાત્ પ્રેમની મૂર્તિ છે તેમના પુત્ર રૂપે અવતાર ધારણ કરેલ છે, એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૫)

**માનસમોદન દિતિસુતરોદન । ભૂમિનિવારિતભાર । મમ..૬॥**

આ દિવ્ય સુન્દર મૂર્તિના દર્શન કરનારા પોતાના આશ્રિત સર્વ ભક્તોના મનને સદા આનન્દ પ્રમોદ આપે છે, અને આસુરી પ્રકૃતિ વાળા એવા દાનવો દૈત્યોને દંડ આપીને તેમના કર્મોના ફળ રૂપે રૂદન રૂપી દુઃખ જ આપે છે. તે રીતે પૃથ્વી ઉપર વધેલાં અધર્મ અને પાપના ભારને દૂર કરે છે નાશ કરે છે. એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા

સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૬)

**વિશ્વવિભાવન દુર્મતિપાવન । કાલદવાનલહાર । મમ..૭॥**

સમગ્ર વિશ્વના જીવોને ભરણ પોષણ કરનારા અને અને મોક્ષ આપનારા છે. અને દુષ્ટ બુદ્ધિવાળા આસુરી વૃત્તિવાળા પણ જો શરણે આવે છે તો તેને પાવન પવિત્ર કરીને પોતાનો આશ્રય આપે છે. અને તેને કાળના ભયથી મૃત્યુના ભયથી છોડાવીને નિર્ભય બનાવે છે, એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૭)

**સુરકુલરંજન નિત્યનિરંજન । ભાનુસુતાવિતનાર । મમ..૮॥**

સાત્વિક અને દૈવી સંપત્તિ વાળા જે સત્પુરૂષો સાધુ સંતો અને ભક્તોના સમૂહને સદા આનન્દ આપે છે. જે સદા નિત્ય છે. અર્થાત ત્રણેય કાળમાં જેમની સ્થિતિ એક જ સરખી છે. તેમાં ક્યારેય કોઈ પણ પ્રકારનો ફેરફાર થતો નથી, અને જેઓ સદા માયાના પ્રભાવથી રહિત છે. જે અજ્ઞાન રૂપી અંધકાર જેમને ક્યારેય બાધ કરી શકતો નથી. જેમના પોતાના સ્વરૂપનું જ્ઞાન સદાકાળ રહે છે, ક્યારેય વિસ્મરણ થતું નથી. અને જેવો યમના પુત્રી યમુના મહારાણીના શ્રેષ્ઠ પતિ છે અર્થાત જેઓ યમુનાજીને હૃદયથી પ્રેમ કરે છે. જે યમુનાજીમાં સ્નાન કરે છે તેના બધા પાપોને દૂર કરે છે. એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક, આધિભૌતિક, આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૮)

**બ્રહ્મપુરાસન જનહિતશાસન । નિષ્કામાનન્દનિધાન । મમ..૯॥**

પોતાનું જ ધામ અક્ષરધામ જેને બ્રહ્મપુરધામ પરમધામ ચિદાકાશધામ કહે છે તે દિવ્યધામમાં સદા નિવાસ કરે છે. તે સ્વયં પોતાના આશ્રિત ભક્તોના હિત માટે જ અને તેમને ભગવત ધર્મમાં રાખવા માટે જ આ પૃથ્વી ઉપર અવતાર ધારણ કરે છે. અને તે સર્વ ભક્તોનું આત્યન્તિક હિત મોક્ષરૂપી કરવા માટે જ શરીર ધારણ કરે છે. એવા પરમાત્મા જે નિષ્કામાનન્દ વર્ણી કહે છે મારા આશ્રય સ્થાન છે, અને જે કોઈ આશ્રય કરે છે તે ભક્તોને આનન્દનું અને આત્યંતિક મોક્ષનું પરમ સ્થાન છે. એવા મારા ઈષ્ટદેવ ગોપીનાથ નામ ધારી રહેલાં ભગવાન શ્રી સ્વામિનારાયણ મારા સમગ્ર કષ્ટો દુઃખો આધ્યાત્મિક આધિભૌતિક આધિદૈવિક જન્મ મૃત્યુ જરા વ્યાધિ મોહ માયા અજ્ઞાન વાસના આદિને દૂર કરો. (૯)


**અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં**
**શ્રી નરનારાયણદેવ આદિ દેવોના**
**થાળ-રસોઈની યાદી**

| વિગત | થાળ | રસોઈ |
|---|---|---|
| ચુરમાના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| બુંદીના લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોતીયા લાડુ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મોહન થાળ | રૂા. ૧,૮૦૦/- | રૂા. ૧૦,૦૦૦/- |
| મગશ-પુરી | રૂા. ૨,૦૦૦/- | |
| માલપુવા | રૂા. ૨,૦૦૦/- | રૂા. ૧૧,૦૦૦/- |
| દુધપાક પુરી | રૂા. ૨,૩૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| અડદીયાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| સાટાનો થાળ | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૧,૦૦૦/- |
| શીખંડ પુરી | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૭,૦૦૦/- |
| ડ્રાયફ્રુટ હલવો | રૂા. ૨,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| બાસુંદી પુરી | રૂા. ૨,૭૦૦/- | રૂા. ૧૭,૦૦૦/- |
| દૂધપાક-માલપૂવા | રૂા. ૨,૭૦૦/- | રૂા. ૧૪,૦૦૦/- |
| ગુલાબ જાંબુ | રૂા. ૩,૩૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| મૈસુબ | રૂા. ૩,૫૦૦/- | રૂા. ૧૨,૦૦૦/- |
| કાજુ બદામ મૈસુબ | રૂા. ૪,૦૦૦/- | રૂા. ૧૭,૦૦૦/- |
| સત્તર ધામનો થાળ | રૂા. ૨,૫૦૦/- | |

**કાયમી અનામત થાળ** **રૂા. ૫,૦૦૧/-**
**તથા** **રૂા. ૧૦,૦૦૦/-**
**ઠાકોરજીના સાંજના થાળના** **રૂા. ૫૦૦/-**

**Mo. : 8238001666**

શ્રી
સ્વામિનારાયણ
મ્યુઝિયમ





# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના સંત-હરિભક્તોને અનેક વખત આજ્ઞા-ઉપાસના-વહીવટ વગેરેને લગતા ઘણા ઉપદેશો કર્યા છે. પોતે લખાવેલ પત્ર ઉપર પોતાની ‘મહોરછાપ’ લગાવતા અને તેથી તે પત્રની મહત્તા અનેકગણી વધી જતી. સંપ્રદાયના બંધારણ સમા દેશવિભાગના લેખ (સં. ૧૮૮૩ માગસર સુદ-૧૫ દાદા ખાચરના પિતાશ્રી એભલ ખાચરના દરબારમાં લખાવેલ) ઉપર પણ શ્રીહરિની મહોરછાપ અંકિત કરેલી છે.

ત્યાર પછી શ્રીહરિના સ્થાને આરૂઢ થયેલા ધર્મવંશી આચાર્યો પણ એજ પરંપરા પ્રમાણે અનેક અગત્યના પત્રો ઉપર મહોરછાપ અંકિત કરતા. આજના જમાના પ્રમાણે પાવર ઓફ એટર્ની-પોતાના વતી અન્ય કોઈને કામ કરવાની સત્તા આપતા હોય ત્યારે મહોરછાપનો અચૂક ઉપયોગ થતો અને જે તે પત્રમાં તે કાર્યની સમય અવધિ પણ લખાતી અર્થાત્ જે તે સમય પછી તે વ્યક્તિ તે કાર્ય કરવા હક્કદાર રહેતી નહિ.

આજે પણ આ પ્રથા અતિ મહત્ત્વની જણાય છે કે અમુક સમય માટે જ જે તે કાર્ય કરવાની પરવાનગી આપવામાં આવે છે. આવો સ્પષ્ટ ઉલ્લેખ શ્રીહરિના અને પૂર્વાચાર્યોના પત્રોમાં કરાતો હતો. આવા અનેક પત્રો શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આજે પણ તેના મૂળ સ્વરૂપમાં જળવાયેલા છે.

શ્રીહરિના અને પૂર્વેના તમામ આચાર્યશ્રીઓની મહોરછાપ, ધર્મવંશી આચાર્યશ્રીઓની પરંપરામાં જળવાઈ રહેલ છે. તે પ.પૂ. મોટા મહારાજશ્રીએ કૃપા કરીને હરિભક્તોના દર્શનાર્થે મ્યુઝિયમમાં પધરાવી છે. શ્રીહરિની અને પૂર્વાચાર્યોની આ અતિ પ્રસાદીની મહોરછાપવાળા પત્રની આજ્ઞા પાળવા માટે સંત હરિભક્તો સદાય ખડે પગે તત્પર રહેતા.

આ તમામ મહોરછાપના દર્શન મ્યુઝિયમના હોલ નં. ૧૧માં થાય છે. આજે પણ ધર્મવંશી આચાર્યશ્રીની મહોરછાપ વગર અન્ય કોઈ વ્યક્તિ, કોઈ કાર્ય કરવા માટે અધિકૃત થતો નથી તે પણ સંત-હરિભક્તોએ યથાર્થ રીતે સમજી રાખવું.

- પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી વિષ્ણુયાગ યજ્ઞના યજમાનની યાદી ઓગસ્ટ-૨૦૧૯

**સપ્ટેમ્બર-૧૯**

તા. ૦૮-૯-૨૦૧૯ પ.ભ. પટેલ વિઠ્ઠલભાઈ શિવરામદાસ - રિદ્રોલવાળા)

**ઓક્ટોબર-૧૯**

તા. ૧૩-૧૦-૨૦૧૯ પ.ભ. અ.નિ. જટાશંકર પોપટલાલ શાહ પરિવાર - હ. નવીનભાઈ તથા જગદીશભાઈ શાહ - આંબાવાડી

તા. ૨૦-૧૦-૨૦૧૯ અ.નિ. વર્ષાબેન નવીનચંદ્ર પાઠક લંડન - હ. ભાવેનભાઈ પાઠક

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી

**સપ્ટેમ્બર-૧૯**

તા. ૦૧-૦૯-૨૦૧૯ અ.નિ. જયંતિલાલ બુધાલાલ કાછીયા પરિવાર તથા અ.નિ. કમળાબેન જયંતિભાઈ કાછીયા - લુણાવાડા - હ. શંકરભાઈ તથા ચંદ્રકાંતભાઈ

તા. ૦૮-૦૯-૨૦૧૯ શ્રી ઉદયનભાઈ મહારાજા - વિસનગર

તા. ૧૦-૦૯-૨૦૧૯ શ્રી અરવિંદ ગોવિંદ હિરાણી - માનકુવા-કચ્છ

તા. ૧૪-૦૯-૨૦૧૯ (સવારે) ધવલકુમાર નરેન્દ્રભાઈ પટેલ - સાયન્સસીટી

(બપોરે) જાનકી ભરતભાઈ જાગાણી

તા. ૧૫-૦૯-૨૦૧૯ શ્રી ભરતભાઈ સોમદાસ પટેલ - મારૂસણા-નિર્ણયનગર

તા. ૧૮-૦૯-૨૦૧૯ અ.નિ. શા. સ્વામી હરગોવિંદદાસજી - હ. આનંદ સ્વામી તથા ગુરુપ્રસાદ સ્વામી

તા. ૨૯-૦૯-૨૦૧૯ ચિરાગ ઈશ્વરભાઈ પટેલ - ગોતા

**ઓક્ટોબર-૧૯**

તા. ૧૦-૧૦-૨૦૧૯ આશાબેન દિનેશકુમાર પટેલ (કૈયલવાળા) - હ. ચિ. વિશ્વા ન્યુ રાણીપ

તા. ૧૮-૧૦-૨૦૧૯ લાલજી પ્રેમજી વેકરીયા - સુરજપર-કચ્છ

તા. ૨૦-૧૦-૨૦૧૯ રમેશભાઈ ડી. કાછડીયા (ડીવાઈન સ્કૂલ બાપુનગર) - હ. દર્શિલ તથા જતીન

તા. ૨૨-૧૦-૨૦૧૯ દર્શ નિકુંજભાઈ ચાવડા જન્મદિન નિમિત્તે - હ. મનહરભાઈ ચાવડા (જીવરાજપાર્ક)

તા. ૨૫-૧૦-૨૦૧૯ લક્ષ્મીપૂજન પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે લક્ષ્મીપૂજનના યજમાનશ્રી રાજદીપ ભાસ્કરભાઈ બ્રહ્મભટ્ટ - નારણપુરા

તા. ૨૬-૧૦-૨૦૧૯ શ્રી હનુમાનજી દાદાનું સમૂહ પૂજન (કાળીચૌદશ નિમિત્તે)

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વરવાળી કોલરટ્યુન (ફક્ત વોડાફોન ધારકો માટે)**

**પ.પૂ. મોટા મહારાજશ્રીના સ્વવચનવાળી કોલરટ્યુન મોબાઈલમાં ડાઉનલોડ કરવા નીચે મુજબ કરવું.**

**મોબાઈલમાં ct>સ્પેસ> 270930 ટાઈપ કરી. 56789 નંબર પર SMS કરવાથી કોલરટ્યુન શરૂ થશે.**



## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ

### સપ્ટેમ્બર-૧૯

| | |
|---|---|
| રૂા. ૮૮,૦૦૦/- | મુળજીભાઈ કાચા ટેલર્સ પરિવાર - યુ.કે. - ધુળકોટ |
| રૂા. ૧૧,૦૦૦/- | ડૉ. વસંત વાલુ સાહેબ - અમદાવાદ |
| રૂા. ૫,૧૦૦/- | જય પનારા - હૈદ્રાબાદ |
| રૂા. ૫,૧૨૧/- | અ.નિ. મણીલાલ લક્ષ્મીચંદ ભાલજા સાહેબના ૧૧૭ માં જન્મ દિન નિમિત્તે - હ. પ્રમોદભાઈ ઝાલા (આરીવાલા), હ. ડૉ. નિકુંજ (આરીવાલા) |
| રૂા. ૫,૦૦૦/- | અ.નિ. જશવંતભાઈ દોષીની પુણ્ય તિથિ નિમિત્તે- હ. જયેશભાઈ દોષી - નારણપુરા |
| રૂા. ૫,૦૦૧/- | અ.નિ. દિવાળીબેન તથા સવજીભાઈ નરશીભાઈ ચૌહાણ - હ. ચંદુભાઈ સવજીભાઈ ચૌહાણ - ધુડકોટવાળા હાલ સુરત |
| રૂા. ૫,૦૦૧/- | અ.નિ. મોતીબેન તથા લવજીભાઈ નારણભાઈ વેગડ - હ. મંજુલાબેન ચંદુભાઈ - ધુડકોટવાળા હાલ સુરત |
| રૂા. ૫,૦૦૦/- | મગનભાઈ ધરમદાસ પટેલ - ડાંગરવા |
| રૂા. ૫,૦૦૦/- | કાચા ટેલર્સ - લેસ્ટર (યુ.કે.) |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |

### ઓક્ટોબર-૧૯

| | |
|---|---|
| રૂા. ૯,૦૦૦/- | મલ્હાર પિયુષકુમાર પટેલ આકરુન્દ - ધનસુરા સરકારી નોકરી મળી તે નિમિત્તે |
| રૂા. ૫,૧૦૦/- | કિશનભાઈ ભગવાનભાઈ મેલાણીયા - બીલીયાવાળા |
| રૂા. ૫,૦૦૧/- | કપિલાબેન અંબાલાલ પટેલ - લાંઘણજ |
| રૂા. ૫,૦૦૦/- | મીનાબેન કે. જોષી - બોપલ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com ● email: swaminarayanmuseum@gmail.com**



# સત્સંગ બાલવાટિકા

**સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)**

### દિવાળીનો આનંદ

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

દિવાળી તો દિવાળી. જ્યાં જુઓ ત્યાં અજવાળી સહુને લાગે મરમાળી, સત્સંગના આનંદવાળી દિવાની દિવાળી. એનું નામ પડતાં જ બાળકો નાચવા લાગે અને જુવાનો થનગનવા લાગે, વડીલો વિચારવા લાગે.

એવું જ બન્યું. આજે દિવાળીનો દિવસ એટલે યુવાનો થનગનવા લાગ્યા. પોતપોતાની બંદુકો સજાવી તૈયાર કરી. ગામની ભાગોળે તલાવ, તલાવના કિનારે પોતપોતાની બંદુકો સાથે યુવાનો પહોંચી ગયા. આખું ગામ પણ ત્યાં ભેગું થયું. એટલું જ નહી સોનામાં સુગંધની જેમ આજતો સ્વામિનારાયણ ભગવાન અને સાથે પાંચસો સંતો અને આજુબાજુના ગામના હજારો ભક્તો પણ....

મિત્રો ! હજુ તમને ખબર ન પડી કે ક્યા ગામની વાત છે ! વાત છે મોટી આદરજ ગામની. અહીં પરંપરા મુજબ દિવાળીના દિવસે એક એવી અજબ રમત રમાય કે ન પૂછો વાત. રમત એવી કે માટીના લોટીયા ઉપર કોડિયું મુકવાનું. કોડિયામાં વાટ પ્રગટાવીને મુકવાની પછી માટીનું પાત્ર પાણીમાં તરતું મુકવાનું. તરતું તરતું તળાવની વચ્ચે જાય એટલે ખાંટ પરિવારના બધા યુવાનો વારા ફરતી બંદુક લઈને આવે અને એ રીતે નિશાન લે કે માટીના પાત્રને ગોળી વાગે નહિ અને ફક્ત એ સળગતી વાટ ઉડી જાય. આ રીતે જે નિશાન લે તે સાચો નિશાનબાજ. તેનું સન્માન થાય તાળીના ગડગડાટ થાય. આવી અનોખી રમત રમાય.

આજ તો તળાવની પાળે સ્વામિનારાયણ ભગવાનના સાનિધ્યમાં રમતની શરૂઆત થઈ. સાંજનો સમય થયો. અંધારૂ થયું અને એક પછી એક કેટલાંય યુવાનો આવ્યા પણ કોઈનાથી નિશાન લેવાયું નહી. એટલે સ્વામિનારાયણ ભગવાન કહે છે, રતુખાંટજી આવું કેમ થાય છે ? કેમ કોઈ નિશાન લઈ શકતાં નથી ? ત્યારે રતુ ખાંટ કહે છે, મહારાજ ! એ તો કાયમ આવું જ થાય છે. પચીસ-પચાસ પાત્રો તુટે પછી માંડ કોઈ એકાદ જણ નિશાન લઈ શકે.

ત્યારે સ્વામિનારાયણ ભગવાન કહે છે, રતુજી ! પહેલે ધડાકે જે નિશાન લે એવા નિશાનબાજ અમારી પાસે છે. તમે કહેતા હો તો ઉભા કરીએ. હે !! મહારાજ ! શું વાત કરો છો ! એવા નિશાનબાજ આપની સાથે કોણ છે ? અને મહારાજે પાર્ષદવર્ય ભગુજીને આજ્ઞા કરી. ભગુજી ઉભા થયા. મહારાજને પગે લાગ્યા. હાથમાં બંદુક લીધી. માટીના પાત્ર પર કોડિયું મુકાયું. તેમાં વાટ પ્રગટાવી તલાવના પાણીમાં તરતુ મુકાયું. પાત્ર ધીમે ધીમે દૂર ગયું. ચારે બાજુ અંધારૂં એમાં ફક્ત એક પ્રગટતી જ્યોત જ દેખાય. અને ભગુજીએ સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈ નિશાન લીધું. એક જ ધડાકે વાટ ઉડી ગઈ. અજવાળું કરવામાં આવ્યું. જોયું તો માટીનું પાત્ર તર્યા કરે છે. ફક્ત વાટ ઉડી ગઈ.

તાળીઓ પડવા લાગી. વાહવાહ થવા લાગી. સ્વામિનારાયણ ભગવાનનો જય હો.... સ્વામિનારાયણ ભગવાનનો જય હો.... રતુજીના પરિવારના સહુને નવાઈ લાગી કે - આવા નિશાનબાજ સર્વસ્વ છોડીને ભગવાનની સાથે ફરે છે ! બધાને એમ કે ભગવાન સાથે ફરતા હોય તે તો ફક્ત માળા જ ફેરવી જાણે.

સ્વામિનારાયણ ભગવાન કહે છે. ભક્તો ! અમારી પાસે તો બધી રીતનું સૈન્ય છે. શસ્ત્રથી લડવું હોય તો આ શુરવીર, બહાદુર પાર્ષદો છે. અને શાસ્ત્રથી લડવું હોય તો અમારા આ સંતો છે.

પછી બીજા દિવસે આ આદરજ ગામમાં સ્વામિનારાયણ ભગવાને મહામોટો અન્નકૂટ ઉત્સવ કર્યો જે સંપ્રદાયના ઈતિહાસમાં અમર બની ગયો. રતુ ખાંટના માતા સુજાનબા તેમજ બહેન હવનબા તથા બ્રાહ્મણ ભક્તો, સંતોએ અન્નકૂટ માટે વિવિધ વાનગીઓ ખૂબજ ભાવ અને પ્રેમથી બનાવી. અમદાવાદના ગંગાબાઈ, રેવાબાઈ વગેરે બહેનોએ પણ વિવિધ વાનગીઓ બનાવી.

ભક્તરાજ રતુખાંટના ઘરના વિશાળ ચોકમાં સુંદર મંડપ શણગાર્યો. તેમાં બાજોઠ ઉપર સ્વામિનારાયણ ભગવાન વિરાજ્યા. અને આ બધી વાનગીઓ ભાવ-પ્રેમ શ્રધ્ધા સાથે ભગવાનને અર્પણ કરી.

પ્રભુ ભાવથી જમ્યા પછી સંતો, પાર્ષદો તથા આજુબાજુના ગામથી આવેલા હરિભક્તો બધાને જમાડ્યા. રતુખાંટે ભગવાનની પૂજા કરી. જયજયકાર થવા લાગ્યો.

મિત્રો ! મજા આવીને, આજ તો આપણે દિવાળી મસ્ત ઉજવાઈ. તો યાદ રાખજો. જીવનમાં સદાય દિવાળીના જેવો આનંદ જોઈતો હોય તો હંમેશા ભગવાનને સાથે રાખજો. જો એટલું કરશો તો તમારૂં કોઈ નિશાન ખાલી નહી જાય. એટલે કે કોઈ પણ શુભ સંકલ્પો અધુરા નહી રહે.

બાલ વાટિકાના સહુ વાચક મિત્રોને-ભક્તોને નૂતન વર્ષાભિનંદન સહ જય સ્વામિનારાયણ.

●

## જાગતા રહેવું

- નારાયણ વી. જાની (ગાંધીનગર)

મિત્રો ! આ વખતે તો આખા ગુજરાતમાં મેઘરાજાની કેવી મહેર થઈ છે ! ચોમાસામાં ધોધમાર વરસાદ પડ્યો છે. નાની નાની નદીઓની તો શું વાત કરવી, મોટી મોટી નદીઓ પણ બંને કાંઠે વહી રહી છે. જ્યાં જુઓ ત્યાં બસ પાણી પાણી, જળ બંબાકાર. આ વરસાદની ઋતુમાં વાત કરતાં કરતાં એક વાત યાદ આવી ગઈ.

એક વખતે આવો જ ધોધમાર વરસાદ વરસેલો. તળાવો, કૂવા ભરાઈ ગયેલા. પહેલાં તો આટલી બધી ગટરોની વ્યવસ્થા નહોતી તેથી ભરાઈ રહેલા પાણીમાં બહુ મચ્છરો થયાં. મચ્છરો તો નાના ને કરડે, મોટાને કરડે. એટલું જ નહી પશુઓને પણ મચ્છર કરડે.

આવામાં એક ઊંટને પણ મુશીબત આવી પડી. આ ઉંટ ન ધણિયાતું હતું. કોઈ માલિક જેને હોય નહી તે નધણિયાતું ઢોર કહેવાય. જંગલમાં રખડે, મન ફાવે ત્યાં ખાય. તેવામાં વરસાદ ખૂબ પડતાં તેનું નાક સડી ગયું. જ્યાં સડો થયેલો તે જગ્યાએ તેને ખૂબ મચ્છરો કરડવા લાગ્યા. મચ્છર કરડે અને પીડા થાય તેથી આમ તેમ ચારે બાજુ દોડા દોડ કરે. તેની ચાકરી કરે કોણ ! કારણ કે તે તો નધણિયાતું હતું. આમ દોડાદોડ કરતા. રઝળપાટ કરતા તે એક ગામની ભાગોળે આવી પહોંચ્યુ.

જ્યાં કોઈ ઘરમાં પ્રવેશવાની કોશિશ કરે ત્યાં તો ધોકો પડે. તેવામાં તેની નજરમાં નાની સરખી ઘાસની ઝૂંપડી આવી. તે ઝૂંપડીમાં એક ડોશીમાં એકલાં જ રહેતાં હતાં. તેમને કોઈ સંતાન હતું નહીં. ઉંટને વિચાર આવ્યો. આ ઘરમાં કોઈ ધોકો મારે તેવું દેખાતું નથી. ઘરડાં માજી તો શું કરી શકશે !! આવો વિચાર કરી ઉંટે પોતાની લાંબી ડોક આ માજીની ઝૂંપડીમાં અંદર ઘાલી. ઉંટને અંદર આવતું જોઈ ડોશીએ લાકડી તો લીધી પણ તરત જ ઊંટ કહેવા લાગ્યું - ''અરે, અરે !! મને મારશો નહી. મારી વાત તો સાંભળો. હું તો ગરીબ જનાવર છું. તમને કોઈ તકલીફ નહી થવા દઉં. બહાર બહુ વરસાદ પડે છે અને મચ્છર મને બહુ ત્રાસ આપે છે. તમારા આ ઝૂંપડામાં મને ખાલી મારું માથું રાખવા દો આટલી દયા કરો.''

ઉંટની લાચારી ભરી અરજી સાંભળી ડોશીમાને દયા આવી ગઈ. ભલે ત્યારે, ફક્ત મોઢું જ રાખજે. ઉંટે મોઢું અંદર રાખ્યું. ડોશીમાં પોતાના ઘરકામમાં લાગી ગયા. થોડીવારમાં તો ઉંટે મોઢાની જગ્યાએ આખી ડોક ઝૂંપડીમાં ઘાલી દીધી. ડોશીને ખીજ તો ચઢી પણ મરશે... તેમ કહી કાંઈ બોલ્યા નહી, હવે તો ઉંટને ખાત્રી થઈ ગઈ, અહીંયા કોઈ બોલે તેમ છે નહીં. આપણી બધી પોલંપોલ ચાલશે. પછી તો આગલા બે પગ પણ ઘૂસાડ્યા. પણ ડોશી તો ના છૂટકે ચૂપ રહી કામ કરતા રહ્યા. પાંચ-દસ મિનિટ થઈ હશે ત્યાં તો આખું ઉંટ માજીની આ ઝૂંપડીમાં ઘુસી ગયું. જેવું ઉંટ આખું ઝૂંપડીમાં ઘૂસ્યું કે કાચી ઝૂંપડી આખી અધ્ધર થઈ ગઈ. થાંભલીઓ ઉપડી ગઈ ને પાણીનો ધસમસતો પ્રવાહ ઝૂંપડી અને અંદરનો બધો સામાન એટલે કે કપડા, વાસણ, અનાજ બધું પોતાના વેગમાં તાણી ગયો. ઉંટે પોતાના સ્વાર્થના કારણે તેને સહારો આપનાર ડોશીનું ઘર ખેદાન મેદાન કરી નાખ્યું.

હવે ડોશીના માટે કોઈ સહારો ન રહ્યો ને તે આ ઊંટને મદદરૂપ થવા બદલ પોતાને કોશવા લાગ્યા પણ હવે તેનાથી શું !

મિત્રો ! આ વાત બહુ નાની છે પણ જો વિચાર કરીએ તો બહું મોટી વાત છે. ઘણીવાર લાગણીવશ કે અજ્ઞાન વશ દુષ્ટ માણસો પ્રત્યે રાખેલી દયા બહુ ખરાબ પરિણામ લાવે છે. જ્યારે આપણી દયાનો ગેરલાભ ઉઠાવી કોઈ દુષ્ટ લોકો પોતાનું ધાર્યું કરી રહ્યા હોય ને આપણે તેનો પ્રતિકાર પણ ન કરી શકીએ ત્યારે આપણે આ ડોશીની જેમ ઘણું બધું ગુમાવવાનો વારો આવે છે. અત્યારે નાની ઉંમરમાં કદાચ સમજાશે કે નહી પણ એક વાત જરૂર યાદ રાખજો કે હંમેશા જાગતા રહેવું. શુરવીર રહેવું, અનિષ્ટોનો પ્રતિકાર કરી શકાય તેટલું સામર્થ્ય કેળવવું બહુ જરૂરી છે. નહી તો આવા સડેલા નાક વાળ ઊંટો આવીને આપણી સમજણરૂપી, સંપ, સેવાને સદ્‌ભાવ જેવા ગુણો રૂપી ઝૂંપડીને ખેદાન મેદાન કરી ન નાંખે તે માટે જાગતા રહેવું ઘણું જરૂરી છે.

વળી બાજી વાત, જો ઊંટ નધણિયાતું હતું તો તેનું ધ્યાન રાખનાર કોઈ હતું નહીં. પણ જો ધણિયાતું હોત તો તેનો માલિક તેનું ધ્યાન રાખત. આપણા ઈષ્ટદેવ શ્રીહરિએ પણ ગઢડા પ્રથમ પ્રકરણના બત્રીસમાં વચનામૃતમાં પ્રશ્ન પૂછ્યો છે કે - ''વળી જેમ ધણિયાતું ઢોર હોય તે સીમમાં ચરીને સાંજે પોતાને ખીલે આવે છે અને જે હરાયું ઢોર હોય તે ખીલે આવે નહી. અને જેનું તેનું ખેતર ખાઈને જ્યાં ત્યાં બેસી રહે, પછી કોઈક ધોકા મૂકે, કાં વાઘ આવે તો મારે. તેમ તમે તે ધણિયાતા ઢોરની પેઠે ખીલે આવો છો ? કે હરાયા ઢોરની પેઠે કોઈનું ખેતર ખાઈને જ્યાં ત્યાં બેસીને વિરામ કરો છો ?

હરિભક્ત તરીકે આપણે ધણિયાતા ત્યારે જ કહેવાઈએ કે જ્યારે આખા દિવસની પ્રવૃત્તિથી પરવારી સાંજે મંદિરે આવી ઈષ્ટદેવની ભજન-ભક્તિ-ઉપાસના કરીએ. ગામમાં મંદિર ન હોય તો ઘરે બેસીને પણ ભજન-કીર્તન થાય તો સમજવું કે આપણે ધણિયાતા છીએ. અને જો ધણિયાતા હોઈશું તો ધણિ આપણું ધ્યાન રાખશે ને આપણું શ્રેય થશે. બાલવાટિકાના સહુ વાચક મિત્રોને નૂતન વર્ષાભિનંદન સહ જય સ્વામિનારાયણ.

# સમસ્ત સત્સંગ જોગ સૂચન

લિખાવિંત સ્વામી શ્રી ૭ સહજાનંદજી મહારાજ જત અમદાવાદ મધ્યે શ્રી બ્રહ્માનંદ સ્વામી તથા વરતાલ મધ્યે આનંદ સ્વામી નારાયણ વાંચજો. બીજું હમણે અમે નવું પ્રકરણ ફેરવ્યું છે. જે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, આનંદ સ્વામી, ગોપાલાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, પરમચૈત્યાનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, ભજનાનંદ સ્વામી તથા આત્માનંદ સ્વામી, ભગવદાનંદ સ્વામી, આદિક ભણવાવાલા મોટેરા સાધુ એ સર્વેને કોઈ જાયગાના મહંત કરવા નહિ. એવી રીત્યે આચાર્ય અયોધ્યાપ્રસાદજી તથા આચાર્ય રઘુવીરજી એ બેયની મરજી છે. અને આ માટે એ સાધુ લખ્યા તેની ચાકરીમાં એક એક સાધુને રહેવું ને તેથી વધારે સાધુ રાખવા હોય તો આચાર્યની આજ્ઞાએ કરીને રાખવા પણ પોતાને જાણે રાખવા નહિ. ને રહે તે વિમુખ છે. બીજું જાયગાના માહંત કર્યા છે તેની વિગત્ય જે, વરતાલની જાયગાના માહંત અક્ષરાનંદ સ્વામીને કર્યા છે તથા અમદાવાદની જાયગાના માહંત સર્વજ્ઞાનંદ સ્વામી ગવૈયાને કર્યા છે તથા જુનાગઢની જાયગાના માહંત ગુણાતીતાનંદ સ્વામીને કર્યા છે તથા ગઢડાની જાયગાના માહંત નિષ્કુલાનંદ સ્વામીને કર્યા છે તથા ધોલેરાની જાયગાના માહંત અદ્‌ભુતાનંદ સ્વામીને કર્યા છે તથા ભુજનગરની જાયગાના માહંત વૈષ્ણવાનંદ સ્વામી બ્રાહ્મણીયાને કર્યા છે. એવી રીતે આચાર્યની મરજી લેઈને સર્વે જાયગાના માહંત જડભરતને કર્યા છે. બીજું હવેથી સાધુની મંડલી બાંધીને જ્યાં જ્યાં મુકશે તે આચાર્ય પોતે મુકશે એમ પ્રકરણ ફેરવ્યું છે. બીજું આવી રીત્યે આચાર્યની આજ્ઞાને જે નહિ માને તે વચનદ્રોહિ ગુરુદ્રોહિ છે. બીજું આ કાગલ વંચાવવો તે સત્સંગી સર્વેને સાંભલતે વાંચવો ને સર્વે સત્સંગી હરિભક્તને તથા સર્વે પરમહંસને આ પ્રકરણની વાર્તા જાહેર કરવી. સંવત ૧૮૮૫ ના મા. સુદી-૯.

**આથી સર્વે સત્સંગને જાણ થાય જે, પ્રિયાબા અને દક્ષાબા નામના બહેનોને સાંખ્યયોગી દીક્ષા આપીને વાવોલ (જી. ગાંધીનગર) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સેવા પૂજા માટે મુકેલા પરંતુ તેઓ બંને કુંડાળ (કડી) નવું મંદિર થતા ત્યાં પૂછ્યા વગર અનુમતિ વગર રહેવા જતા રહ્યાં છે અને સ્વછંદી તેમજ સંપ્રદાયને ઘટિત તેમનું વર્તન નથી. જેથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર સંસ્થા સાથે તેમને કોઈ લેવા દેવા નથી. જે અંગેની કુંડાળ (કડી) ગામના સમસ્ત બહેનોની જવાબદારી રહેશે.**

**આથી વિશેષમાં સર્વે મંદિરના આગેવાનોને જણાવવાનું કે મહારાજની આજ્ઞા અનુસારજ્યાં સુધી કોઈપણ ગામમાં આજ્ઞા વગર આવતા અથવા આજ્ઞાપત્ર વિના કોઈ ત્યાગી (બહેનો) ને રાખવા નહીં.**

**- આજ્ઞાથી**

પર્સનલ સેક્રેટરી<br>
પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી<br>
શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,<br>
અમદાવાદ-૧

# ભક્તિસુધા

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''સમર્પણની ભાવનાને પણ સમર્પિત કરી દેવાની''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ ઘોડાસર)

મહા ભારતના યુધ્ધ પછી ભીષ્મપિતામહ જ્યારે બાણશૈયા ઉપર ઉત્તરાયણના સૂર્યની રાહ જોઈ રહ્યા હતા ત્યારે ભીષ્મપિતામહે ભગવાન શ્રીકૃષ્ણને કીધું કે : **''આપ મારો સંશય દૂર કરો.''** તો ભગવાને પૂછ્યું કે : **''આપનો સંશય શું છે ?''** ત્યારે ભીષ્મપિતામહે કીધું કે : **''આ મહાભારતના યુધ્ધમાં જે થયું એ ઉચિત હતું, જે થયું તે યોગ્ય થયું ?''** તો ભગવાને કીધું કે : ''કોના તરફથી'' તો ભીષ્મપિતામહે કીધું કે : ''પાંડવોએ જે કર્યું તે યોગ્ય હતું.'' તો ભગવાને કીધું કે : **''જે થવું જોઈએ એ જ થયું.''** તો ભીષ્મપિતામહે કીધું કે : ''તમે ભગવાન થઈને આવું છળકપટ કર્યું તે યોગ્ય હતું. આચાર્ય દ્રોણનો વધ થયો, દુઃશાસનની છાતી ચિરાઈ, દુર્યોધનની જાંઘ ચિરાઈ, કર્ણનો વધ થયો.'' તો પણ ભગવાને કીધું કે : **''જે થવું જોઈએ એ જ થયું.''** તો ભીષ્મપિતામહે કીધું કે ''તમે ત્રોતાયુગમાં મર્યાદા પુરુષોત્તમ ભગવાન રામ હતા અને અત્યારે તમે 'છળ' કર્યું.'' તો ભગવાને કીધું કે : **''ઈતિહાસ ઉપરથી 'શીખ' લેવાય પરંતુ કોઈ 'નિર્ણય' લેવો હોય તો એ વર્તમાન પરિસ્થિતિ પ્રમાણે લેવો પડે.''** અત્યારે દ્વાપરયુગની પરિસ્થિતિ જુદી છે. દ્વાપરયુગ અને ત્રેતાયુગમાં બહુ અંતર છે. એ વખતે રાવણ જેવા 'ખલનાયક' હતા એ પણ મહાન શિવભક્ત હતા, પ્રકાંડ પંડિત અને ત્રિકાળજ્ઞાતા હતા અને તેમના કુળમાં વિભીષણ જેવા રામભક્ત જન્મ્યા હતા. અત્યારે જરાસંઘ, કંસ, દુર્યોધન જેવા ઘોર પાપીનો વિનાશ કરવા માટે જુદી જુદી રીત અપનાવવી પડે. પાપનો અંત લાવવા માટે પાપ ઉપર વિજય પ્રાપ્ત કરવા માટે સમય પ્રમાણે ગમે તે યુક્તિ અપનાવવી પડે.'' ત્યારે ભીષ્મપિતામહે કીધું કે : ''તમારું જે આ વર્તન છે તે આવનારી પેઢી માટે ગલત ઉદાહરણ પ્રસ્તુત કરશે. જે ભવિષ્યની પેઢી છે તે તમારું ઉદાહરણ આપી ખોટી રીતે તેને ગ્રહણ કરશે.''

તો ભગવાન શ્રીકૃષ્ણે કીધું કે : ''કળિયુગની પરિસ્થિતિ અત્યાર કરતા બહુ ખરાબ અને ભયાનક હશે. **ધર્મની રક્ષા કરવા માટે કઠોર બનવું પડશે.''** જ્યારે ક્રૂર અને અનૈતિક માણસ સિધ્ધાંત ઉપર આક્રમણ કરે છે ત્યારે નૈતિકતા હીન થઈ જાય છે. તમે રોકો નહિ તો એ આત્મઘાતી નીકળે છે. આપણને એવું થાય કે ભલે બોલે પણ એવું નથી ચાલતું અમુક વખતે બોલવું પડે છે. પગલા ન ભરો તો એ તમારો વિનાશ કરે છે. ધર્મ ને સિધ્ધાંત ઉપર આક્રમણ થાય ત્યારે એ પાપ ઉપર વિજય મેળવવા માટે પ્રયત્ન કરવો પડે છે.** બધી વસ્તુ ભગવાન ઉપર મૂકી દઈએ તો એ મૂર્ખતા ગણાય. થાળી પીરસેલી હોય તો જમવું તો જાતે જ પડે. અમુક વસ્તુ જાતે કરવી પડે. શ્રીકૃષ્ણ ભગવાન ખાલી સાથે રહ્યા હતા. પાંડવોને વિજય પ્રાપ્ત કરવો હતો તો લડાઈ તો જાતે જ કરવી પડી. ભગવાન લડ્યા નહોતા. અર્જુને ભગવાનની ઉપસ્થિતિમાં ભગવાનના સંપૂર્ણ શરણાગત થઈને ભગવાનની આજ્ઞા લઈને નીતિ ઉપર ચાલીને સમય પ્રમાણે યુક્તિ અપનાવીને યુદ્ધ કર્યું હતું. માટે અર્જુન આટલું મોટું યુધ્ધ લડ્યા છતાં પણ કર્મબંધનથી મુક્ત રહી શક્યા. અને ભગવાને અનીતિ ઉપર ચાલીને બુધ્ધિ બળનો ઉપયોગ કરીને જે કર્યું હતું તે પણ પોતાના અંગત સ્વાર્થ માટે નહોતુ કર્યું.

ભગવાને પાંડવોની સંપૂર્ણ શરણાગતિ જોઈને અર્જુનને કીધું હતું કે હું હાજર રહીશ. ભગવાનની આજ્ઞા લીધી. ભગવાન પાસેથી જ્ઞાન લીધું પછી અર્જુન મહાભારતનું યુધ્ધ લડ્યા હતા. પૂર્ણ શરણાગતિની અમુક રીત હોય છે. એવું નથી હોતું કે માત્ર કંઠી પહેરી લીધી એટલે શરણાગત થઈ ગયા. શરણાગતિની આખી રીત અપનાવવી પડે. પૂર્ણ શરણાગતિના છ તબક્કા છે એમાંથી ચાર અપનાવીએ તો ના ચાલે. બધી વસ્તુનો અમલ થાય ત્યારે સંપૂર્ણ શરણાગત છીએ એવું કહેવાય છે.

**(૧) ભગવાનની મરજીમાં પોતાની મરજી માનવાની અર્થાત્ પોતાના માલિકની આજ્ઞામાં રહેવાનું.**

**(૨) વિપરીત દિશા નહિ પકડવાની.** જીવનમાં અમુક પ્રશ્નો એવા ઉભા થાય છે ત્યારે શ્રધ્ધા ડગી જાય છે. થોડીવાર માટે પણ એવું થઈ જાય છે. એવું ન થવું જોઈએ. એવા સમયે પ્રાર્થના કરવાની કે શક્તિ આપો અને ભગવાન કૃપા કરે તેની પ્રતિક્ષા કરવાની. કેમ કે ? સહનશીલતા બહુ મોટો ગુણ છે.

**(૩) કાયમ એવો વિશ્વાસ રાખવાનો કે મહારાજ ડગલે ને પગલે મારી રક્ષા કરે છે. મારી સહાય કરી રહ્યા**

**છે.** અને આ હકીકત છે. પણ એવું યાદ રાખવાનું અને અંતરથી વિશ્વાસ રાખવાનો. કેવી રીતે આપણી સહાય કરે છે તો ઉપરથી ઉતરીને પ્રત્યક્ષ આપણી જોડે નથી રહેતા પણ સમય પ્રમાણે **'ટકોર'** કરે છે. આપણને **'સૂચન'** આપી દે છે. અને મહારાજે જીવપ્રાણી માત્રમાં એવા ગુણ આપ્યા છે કે પોતે પોતાનો જીવનનિર્વાહ કરવામાં સક્ષમ થઈ જાય છે. આપણે જોઈએ તો જો અમુક જગ્યાએ એકેય કીડી નથી હોતી પણ જો મીઠાઈ મૂકી હોય તો તે જગ્યાએ કેટલી બધી કીડીઓ પહોંચી જાય છે. તેને ખબર પડી જાય છે અને પોતાનું પેટ ભરી લે છે.

**(૪) જે 'કૃપા' ભગવાન કરી રહ્યા છે. એનો આભાર માનવાનો, કૃતજ્ઞતાનો ભાવ રાખવાનો 'કૃતઘ્ની' નહી થવાનું. અમુક** વખતે સંતાનો માતા-પિતાને એવો જવાબ આપતા હોય છે કે એક માતા-પિતા તરીકે એમની ફરજ હતી તો એવું ના હોવું જોઈએ પણ એમણે આપણા માટે જે કાંઈ કર્યું તેનો આભાર માનવાનો. આપણે સરસ શાકભાજી બનાવીએ કે જ્યુસ બનાવીએ પણ ભગવાને તે શાકભાજી કે ફળ આપ્યું તો આપણે બનાવ્યું ને ? એટલી હદ સુધી આભાર માનવાનો કે હું જે જમુ છું તે ભગવાન આપી રહ્યા છે. આપણી કોઈ તાકાત જ નથી. આજના વૈજ્ઞાનિકો ચાંદ સુધી પહોંચી ગયા તે સારી બાબત છે. તેનો વિરોધ નથી. પરંતુ ચાંદને બનાવી ના શકે. પાણી, માટી એ બધું બનાવી ના શકાય. ઝાડ, પાન એ બધુ છે. તો ધારો કે એક આંબો છે. તેમાંથી બીજા દસ આંબા બનાવી શકીએ પણ સૃષ્ટિમાં આંબાનું ઝાડ જ ન હોય તો આપણે બનાવી શકીએ ? **'પરમાત્માનું સૃષ્ટિ નિર્માણ અદ્‌ભુત છે.'** ચાલવા માટે **'ધરતી'** આપી છે. પીવા માટે **'પાણી'** આપ્યું છે. શ્વાસ લેવા માટે **'હવા'** આપી છે તો જીવી શકાય છે.

**(૫) અહંપણાની ભાવના ક્યારેય નહિ રાખવાની** ખાલી આવ્યા છીએ અને ખાલી જવાનું છે. આ પૃથ્વી ઉપર આપણને જે કાંઈ મળ્યું છે તે સારી રીતે જીવવા માટે ભગવાને **'સાધન'** આપ્યું છે. એમ પરમાત્માનો આભાર માનવાનો. અહંકારની ભાવના બહુ ખરાબ છે. અને હવે છેલ્લી અને બહુ મહત્ત્વની બાબત છે.

**(૬) સમર્પણની ભાવનાને પણ સમર્પિત કરી દેવાની** આપણે શરણાગતિ સ્વીકાર્યા પછી બધી વસ્તુનું ૧૦૦% પાલન કરીએ એ સમર્પણની ભાવના. આપણાથી પૂર્ણ થાય તો સહેજ પણ મોટપની ભાવના નહિ રાખવાની એ પણ એક જાતનો અહંકાર છે. ભલે આપણી વાણી, વર્તન કે સ્વભાવથી દેખાતું નથી પણ ભગવાન જોઈ શકે છે. તો એના માટે ખૂબ જ સજાગ રહેવાનું. **સંપૂર્ણ શરણાગતિ એ પણ કૃપાથી પ્રાપ્ત થાય છે.** તો એ ધ્યાનમાં રાખવાનું અને ભગવાનને પ્રાર્થના કરવાની કે આપની દયા અને કૃપાથી મારાથી આટલે સુધી પહોંચાયું આપે મને આપની સેવા કરવાની તક આપી અને મારો સ્વીકાર કર્યો એ બદલ હું આપનો ઋણી છું. એમ ધન્યવાદ માનવાનો. આમ જો સંપૂર્ણ સમર્પણની ભાવનાનો અમલ કરશું તો ભગવાનની કૃપાના ભંડાર આપણા માટે સદાયને માટે ખુલી જશે.

●

**"સ્વામિનારાયણ સંપ્રદાય"**

- સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

કળિયુગના લગભગ ૫૦૦૦ વર્ષ વિત્યા. તે સમયે અતિ સધર્મ વ્યાપ્યો હતો. તે સમયે સર્વાવતારી પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી ઉપર અધર્મ અને અસુરોનો નાશ કરવા પ્રગટ થયા. અને શ્રી સહજાનંદ સ્વામી નામ ધારણ કરીને અનેક જીવાત્માના મોક્ષ માટે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના કરી. આ સંપ્રદાય અવિચળ ટકી રહે ને પ્રગતિ શીલ રહે અને પોતાના આશ્રિતજનોનું સત્વરે કલ્યાણ થાય તેવી ઈચ્છાથી શ્રીહરિએ સંપ્રદાયની સ્થાપના કરી છે. સંપ્રદાયના જ આધાર સ્તંભોનો મજૂબત પાયો ચણ્યો છે. (૧) મારા મંદિરો કરાવીને તેમાં નરનારાયણદેવ, લક્ષ્મીનારાયણદેવ, રાધાકૃષ્ણદેવ આદિ દેવોની સ્થાપના કરી. (૨) આ સંપ્રદાયના જ્ઞાન અને ઉપાસનાની પુષ્ટિ કરનારા સત્‌શાસ્ત્રો જેવા કે સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, વચનામૃત, શિક્ષાપત્રી, ભક્તચિંતામણી જેવા સત્‌શાસ્ત્રો રચ્યા છે. (૩) સંપ્રદાયના ઉત્તર અને દક્ષિણ બે વિભાગ કરી, ધર્મની રક્ષા કરવા ધર્મવંશી બે આચાર્યોની સ્થાપના કરી. (૪) આ ત્રણેય સ્તંભોને પુષ્ટિ કરનારા સંતો બનાવ્યા. આ ચાર સ્તંભોમાંથી આ સંપ્રદાયની પ્રગતિ આગે કુચ કરી રહેલી છે.

સ્વામિનારાયણ સંપ્રદાય એટલે ૧૦૦ ટચનું સોનું. એમાં કાંઈ જોવાનું હોય જ નહિ. આ સંપ્રદાયમાં મોક્ષ પણ સરળ અને સીધો છે. આવો સંપ્રદાય હજુ સુધી થયો નથી અને થશે પણ નહિ. કારણ કે આ સંપ્રદાયનાં સ્થાપક સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. અનેક જન્મના પુણ્ય ઉદય થાય ત્યારે જ આ સંપ્રદાયનો આશ્રિત બને છે. અને મોક્ષ પણ મેળવી શકે છે. તેથી જ જેરામદાસ કહે છે જે, ''પૂર્વનું પુણ્ય પ્રગટ થયું જ્યારે સ્વામિનારાયણ મળ્યા રે ત્યારે.'' આમ અનેક જન્મના પુણ્ય ઉદય થાય ત્યારે આવા સંપ્રદાયની પ્રાપ્તિ થાય છે.

(૨) આ સંપ્રદાયમાં ધર્મ-જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિની શુધ્ધતા છે. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મના સ્વરૂપો સમજાવ્યા છે. સીધી અને સાદી ભાષામાં. જેથી ગૂંચવાડો ન થાય.









# શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા ઋષિકેશમાં શ્રીમદ્ ભાગવત પારાયણ


















# બાળ મંડળ - સુવર્ણ જયંતી મહોત્સવ
# શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર










# દિયોદર - બનાસકાંઠા સમસ્ત સત્સંગ દ્વારા હરિદ્વારમાં શ્રીમદ્ ભાગવત પારાયણ















અ.નિ.વર્ષાબેન નવીનચંદ્ર પાઠક (વુલવીચ- લંડન)ના સ્મણાર્થે કાલુપુર મંદિરમાં ત્રિદિનાત્મક વચનામૃત પારાયણની પુર્ણાહુતિની આરતી ઉતારતા પ.પૂ.મોટા મહારાજશ્રી.

(૩) આ સંપ્રદાયમાં ગમે તે આવે તેનો મોક્ષ થાય છે. પાપી પતિત જીવોનો પણ મોક્ષ કર્યો છે. જેમ કે વડતાલનો પ્રખ્યાત લુંટારો જોબનપગી, મેંગણી ગામના અભેસિંહરાજા, રૂડિયો રખડુ, મુંજાસોરૂ, જેતલપુરની ગણિકા પાપી-પતિતને મોક્ષ માર્ગે લીધા છે ને મોક્ષ કર્યો છે.

(૪) બંધ કીધા સર્વે બારણા રે, વહેતી મૂકી અક્ષરવાટ રે.... પુરુષોત્તમ પ્રગટી રે, નોતી દીઠી નોતી સાંભળી રે, પ્રગટાવી રીત પુનિત રે.... પુરુષોત્તમ પ્રગટી રે.'' સ્વામિનારાયણનો આશ્રિત થઈ ગયો એટલે મોક્ષ થઈ ગયો અને અંતકાળે મહારાજ તેડવા આવે છે. કેમ કે તેમનું બિરૂદ છે જે મારા જનને અંતકાળે મારે જરૂર આવવું, બિરૂદ પોતાનું બદલે નહિ તે જરૂર જાણવું. વચનામૃતમાં પણ કહ્યું છે કે ધર્મકુળને આશ્રિત એવો ભગવાનનો ભક્ત તેને ભગવાન વિમાન, રથ, ગરૂડ ઉપર બેસીને તેડવા આવે છે ને પોતાના ધામમાં તેડી જાય છે.

કલ્યાણની રીત તો ન્યારી છે. અક્ષરધામમાં જવું હોય તો નિયમ, નિશ્ચય, પક્ષ, આજ્ઞા, ઉપાસના ચોખ્ખા રાખશું તો જ પાકા સત્સંગી બનીશું. ને અક્ષરધામમાં જઈ શકીશું. આવી રીતે મજબૂત પાયાથી આ સંપ્રદાયને વિકસાવ્યો છે. સ્વામિનારાયણ ભગવાને પ્રગતિશીલ કાર્યો કરી અંતર્ધાન થવાના ૧૫ દિવસ અગાઉ ગઢપુરમાં પરમહંસો, ગૃહસ્થો અને સ્ત્રી સમાજને એકઠાં કરીને આદેશ કર્યો. ''હે ભક્તજનો તમારા હિતની વાત કરું છું. આ સંપ્રદાયમાં સૌ સંપ અને એકતાથી રહેશો. કોઈ વ્યવહારમાં મતભેદ થાય પણ મન ભેદ ન કરશો. સદાય સંપીને રહેજો. બધાયમાં આત્મ બુદ્ધિ રાખશો. આચાર્ય, સંત અને ગૃહસ્થ આ ત્રણેયની એક મજબૂત સાંકળ છે. જો સાંકળના મંકોડા જુદા થાય તો સાંકળમાં બળ રહે નહિ. માટે સત્સંગનું સંગઠન રાખવું. એક બીજાથી જુદા પડવાનો વિચાર ન કરવો. દેવની સાથે જોડાઈને રહેવુ તેમાંજ સહુનુ સુખ અને શ્રેય છે. સંપ અને એકતાથી જ સંપ્રદાયની પુષ્ટિ થશે. જેમ ટીંટોડીના બચ્ચા સમુદ્ર લઈ ગયો તો બધીય ટીંટોડી ચાંચમાં રેતીના, કાંકરા કણ લઈ દરિયો ડુબાડવા લાગી. પછી પક્ષીમાં મહાન ગરુડરાજ મોટા પથ્થરો, પહાડો નાખવા લાગ્યા જેથી દરિયા દેવે ટીંટોડીના બચ્ચા પાછા આપ્યા. આમ સંપ એકતા હશે તો જરૂર તમારા કાર્યમાં સફળતા મેળવશો.

●

## ક્યારેય કોઈની ઉપર ઈર્ષ્યા કરવી નહીં

- લાભુબેન મનુભાઈ પટેલ (કુંડાળ, તા. કડી)

એક ચંદ્રનગર નામનું મોટું રાજ્ય હતું. આ રાજ્યમાં ચંદ્રભાનુસિંહ નામનો રાજા રાજ્ય કરે. તે ખૂબ દયાળુ અને ન્યાયી હતો. પરંતુ તેને ક્રોધ ખૂબ ઝડપથી આવી જતો. આ નગરમાં એક સુંદર નાનકડું બજાર હતું. તેમાં એક દરજીની દુકાન અને તેની સામે મોચીની દુકાન હતી. મોચી તો ભગવાનનો અનન્ય ભક્ત હતો. તે રોજ વહેલો ઉઠીને પૂજા પતાવી દુકાને બેસી જતો, અને આખો દિવસ કીર્તનો ગાતો અને જોડાં સીવતો. તેની દુકાને જે કોઈ આવે તેની સાથે ભગવદ્ વાતો કરતો. પેલા દરજીને તેની ખૂબ ઈર્ષ્યા આવતી અને તે હંમેશા મોચીને નીચો દેખાડવાનો પ્રયત્ન કરતો. પરંતુ મોચી એટલો ભલો અને પ્રામાણિક હતો કે દરજીને નીચે દેખાડવાનો પ્રયત્ન જ કરતો નહીં.

એકવાર રાજાનો જન્મ દિવસ આવ્યો. આ દિવસે આખા નગરમાં દીવા કરવામાં આવ્યા. નગરનાં પ્રત્યેક રસ્તાઓ વાળી ઝૂડીને સાફ કરવામાં આવ્યા. રસ્તામાં તણખલું પણ જોવા ન મળે તેવા સ્વચ્છ. દર વર્ષે રાજાના જન્મ દિવસે રાજાની સવારી નીકળે. તેમ આ વર્ષે પણ નીકળી. દરજીને સુંદર મોકો મળ્યો મોચીને નીચો દેખાડવાનો. તેણે એક ફાટેલો જોડો રસ્તા વચ્ચે નાખી દીધો. મોચીએ આ જોયું પણ કાંઈ બોલ્યો નહીં. રાજાની સવારી આવી પહોંચી. રાજાએ રસ્તાની વચ્ચોવચ ફાટેલો તૂટેલો જોડો જોયો. રાજા ક્રોધિત થઈ ગયો. તેને પોતાનું અપમાન થતું લાગ્યું. આથી રાજા ઉચ્ચ સ્વરે બોલ્યો. આ જોડો કોનો છે ? દરજીએ લાગ જોઈને કહી દીધું કે, હે રાજાજી ! આ જોડો તો આ મોચીનો છે. રાજાએ હુકમ કરી દીધો, આ મોચીને જેલમાં પૂરી દો. સિપાઈઓએ મોચીને જેલમાં પૂરી દીધો. આ જોઈને દરજી ખૂબ ખુશ થયો.

બીજા દિવસે દરજીને રાજાએ સુંદર કાપડ આપ્યું અને કહ્યું કે, આના સુંદર કપડા મારા માટે બનાવ અને આજથી ચાર દિવસમાં તૈયાર કરી આપજે. દરજીએ તો મન દઈને કામ કર્યું અને ચાર દિવસમાં તો રાજાને શોભે તેવા કપડાં તૈયાર કરી દીધાં. તેણે વિચાર્યું કે કાલે સવારે હું રાજાને કપડાં આપીશ અને રાજા મને મોટું ઈનામ આપશે. આમ વિચારીએ સૂઈ ગયો. પરંતુ ધાર્યું તો ધણીનું થાય છે. તે પ્રમાણે રાત્રે ક્યાંકથી બે-ચાર ઉંદર આવી ચડ્યા. તેમણે રાજાના કપડાં કાતરી કાતરી જાળી જેવા કરી દીધાં, સવારે ઉઠીને દરજીએ જોયું તો કપડાંની દશા જોઈને તેના બારે વહાણ ડૂબી ગયા. તેને થયું હવે જરૂર રાજા મને ફાંસીની સજા કરશે. આમ વિચારી તેની પાસે જે કાંઈ ધન હતું તે લઈ બીજા નગરમાં જતો રહ્યો. મોચીને આટલું વિત્યા પછી પણ સંકલ્પ ન થયો કે, દરજીનું કાંઈક અહિત થાય તેવું કરું.

આ બાજુ રાજાએ દરજીની ઘણી રાહ જોઈ પણ તે ન આવ્યો. આથી રાજાએ સિપાઈઓને કહ્યું કે, દરજીના ઘરે જઈને જે હોય તે બધું જપ્ત કરો અને દરજીને મારી સામે હાજર કરો. સિપાઈઓ દરજીના ઘેર ગયા તો તેના ઘરે તો તાળું હતું. સિપાઈઓએ અંદર જઈને તાળું તોડી નાખ્યું અને જે કંઈ હાથ આવ્યું તે લઈને રાજા પાસે આવ્યા. રાજાએ બધી

વસ્તુઓ જોઈ તેમાં એક ફાટેલો તૂટેલો જોડો પણ હતો. હવે રાજાને ખબર પડી કે આ જોડો તેના જન્મ દિવસ પર દરજીએ જ નાંખેલો લાગે છે. અને બિચારા મોચીને ફસાવ્યો છે. રાજાએ સિપાઈઓને હૂકમ કર્યો કે ગમે ત્યાંથી દરજીને શોધી લાવો. સિપાઈઓએ ગામો ગામ તેની શોધ ચાલુ કરી દીધી. એક ગામમાંથી તે મળી આવ્યો તેને પકડીને રાજા પાસે હાજર કરવામાં આવ્યો. રાજાએ જન્મ દિવસનાં દિવસે રસ્તામાં ફાટેલો જોડો કોને નાંખ્યો હતો તે પૂછ્યું. દરજીએ ગૂનો કબૂલી લીધો. રાજાએ તેને સજા કરી, મોચી પાસે માફી માંગી અને તેને મોટું ઈનામ આપી સન્માન કરીને ઘેર વિદાય કર્યો. મોચીએ ભગવાનમાં અનન્ય શ્રધ્ધા રાખી. ભગવાન જે કરતાં હશે તે મારા માટે સારું જ કરતા હશે. તો ભગવાને તેને ઉગારી લીધો.

●

### મોક્ષદાતા

- ઠક્કર વીણાબેન નરેન્દ્રભાઈ (બોપલ)

જગતના સર્વ જનો આજે મોક્ષ-મુક્તિ મેળવવા માટે ઉપાયો કરે છે. ચાર પુરુષાર્થ ધર્મ, અર્થ, કામ, મોક્ષ શુકદેવજી પરિક્ષીત રાજાને મોક્ષ માટે ભાગવતની બાર સ્કંધની કૃષ્ણકથા સંભળાવે છે. અને ભાગવતના આઠમાં સ્કંધમાં ગજેન્દ્ર મોક્ષની કથા આવે છે.

મોક્ષ દાતા ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે લખેલી શિક્ષાપત્રી શ્લોક-૧૨૧ માં જણાવે છે કે....... ‘‘અને તે ધામને વિશે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું.’’

મોક્ષ માટે સત્તયુગમાં ધ્યાન, ત્રેતાયુગમાં યજ્ઞો, દ્વાપર યુગમાં સેવા અને કળિયુગમાં નામ સ્મરણ.

કોઈપણ મુમુક્ષુ ભગવાનના ભાવથી દર્શન કરે, પ્રાર્થના કરે, માનસી કરે, કથા-કીર્તન કરે, ભજન-ભક્તિ કરે, સેવા-સત્સંગ કરે ભાવથી ઠાકોરજીને સમર્પણ કરે તો સહેજે મોક્ષ મળી જાય.

મહારાજે લોયા ગામમાં શાકોત્સવ ઉજવ્યો. ગામ-ગામથી, સંતો-હરિભક્તો આવેલ. કોઈ હરિભક્તો પૂજા કરતા, કોઈ વસ્ત્ર અલંકાર ધરાવતા - કોઈ રૂપિયા ભરેલા થાળ ધરતાં અને આ રીતે મહારાજને રાજી કરતા - ત્યાં એક ગરીબ ભૂદેવ મહારાજ પાસે આવ્યા. તેમને પણ મહારાજને રાજી કરવા હતા. તેણે પોતાની ફાટેલી પાઘડીની બે-ત્રણ ગાંઠોમાં એક રૂપિયો મૂકેલો તે મહારાજને ભેટ અર્પણ કર્યો. શ્રીહરિએ તે ભૂદેવને કહ્યું, ‘‘આ એક રૂપિયો અમારા ચરણે સમર્પિત કર્યો એની જગ્યાએ આ તમારી પાઘડી ફાટી ગઈ છે તો નવી ખરીદી લો ને ?’’ ગરીબ ભૂદેવે કહ્યું, મહારાજ ! મારા અંતરમાં ક્યારનીય ઈચ્છા હતી કે આપને કાંઈક સમર્પિત કરૂ, તેથી આ એક રૂપિયો મેં ખૂબજ સાચવીને રાખ્યો હતો. પાઘડી તો ફાટેલી હશે તો ચાલશે, પણ આજ મારા અંતરની ઈચ્છા પૂરી થઈ છે. શ્રીહરિએ કહ્યું, ‘‘ભૂદેવ ! તમે તો સર્વસ્વનું દાન કર્યું છે.’’ પછી મહારાજે કહ્યું, ‘‘મુક્તાનંદ સ્વામી ! આ ભૂદેવના મોક્ષ માટે કશું જ બાકી નથી કારણ કે એમણે એમનું સર્વસ્વ અમને સમર્પિત કરી દીધું છે.

એક રૂપિયાના દાનથી-ભાવથી-સમર્પણથી મોક્ષનું વરદાન મળ્યું, આમ કૃપાળુ શ્રીહરિની કૃપાનો પાર નથી.

મહારાજે પ્રગટ થઈને મોક્ષનો માર્ગ સહજ બનાવી દીધો.

**‘‘જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ.**
**આજ ધર્મવંશીને દ્વાર .......’’**

મહારાજે ગઢડા મધ્યના ૪૫ માં વચનામૃતમાં પણ કહ્યું છે કે, ભગવાન અને ભગવાનના ભક્ત રાજી થાય એવું કર્મ કરે તો આને આ દેહે પરમપદ જેવું સુખ ભોગવે છે અને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તો પણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય છે. માટે જે સમજુ હોય તેણે તો ભગવાનને ભગવાનના ભક્ત ને રાજી થાય એમ જ વર્તવું.’’ આટલી રાજીપાની મહત્તા બતાવી છે.

આપણી ભાવના જો શુધ્ધ હશે તો ભગવાન જરૂર રાજી થાય છે. ‘મોક્ષ’ જે મનુષ્ય જન્મનો પ્રથમ મુખ્ય હેતુ સાર્થક થાય છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર કોઠાર ઓફિસ**
**થાળ - ભેટ - રસોઈ તથા અન્ય માહિતી માટે**
**Mo. No. : 82380 01666**
**WhatSapp No. : 99099 67104**

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દીપોત્સવીના ઉત્સવોની ઉજવણી

સર્વાવતારી શ્રીહરિએ પ્રવર્તાવેલ સમૈયા ઉત્સવોની પરંપરા આજે પણ સંપ્રદાયમાં સર્વત્ર જોવા મળે છે. જે આપણી ધરોહર અને ઈતિહાસ છે. પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા કાલુપુર મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી દીપોત્સવીના ઉત્સવો ધામધૂમથી ઉજવાયા.

**કાળી ચૌદશ તા. ૨૬-૧૦-૧૯** ના સાંજે ૬-૩૦ કલાકે ધર્મકુળના કુળ દેવતા શ્રી હનુમાનજી મહારાજનું પૂજન-અર્ચન આરતી પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયું હતું. પૂજારી પાર્ષદ બાબુ ભગત અને પાર્ષદ મહાદેવ ભગતે સુંદર વ્યવસ્થા કરી હતી. છેલ્લે શ્રી હનુમાનજી મહારાજને સુંદર અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. શહેરના અનેક હરિભક્તોએ દર્શન કરી ધન્ય બન્યા હતા.

**દિવાળી-સમૂહ ચોપડા પૂજન તા. ૨૭-૧૦-૧૯** ને રવિવારના રોજ સાંજે ૭-૦૦ કલાકે પ્રસાદીના સભા મંડપમાં સમૂહ ચોપડા પૂજન-શારદા પૂજન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદોક્ત વિધિપૂર્વક થયું હતું. જેમાં ૮૦૦ ઉપરાંત વહેપારીઓએ પોતાના ધંધા-ઉદ્યોગના ચોપડાઓનું દેવ સમક્ષ અને પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદોક્ત વિધિપૂર્વક પૂજન થયું હતું. જેમાં ૮૦૦ ઉપરાંત વહેપારીઓએ પોતાના ધંધા-ઉદ્યોગના ચોપડાઓનું દેવ સમક્ષ અને પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે પૂજન કરાવીને ખૂબજ ધન્ય બન્યા હતા. મંદિરના વિદ્વાન ગોર શ્રી કમલેશભાઈએ સુંદર વિધિ કરાવી હતી.

**નૂતન વર્ષ-અન્નકૂટોત્સવ તા. ૨૮-૧૦-૧૯ :** નૂતન વર્ષ સં. ૨૦૭૬ ના પ્રાતઃ ૫-૦૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની મંગળા આરતી ઉતારી હતી. હજારો ભક્તજનોએ મંગળા આરતીના દર્શન કરી પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણ સ્પર્શ દર્શન કરી ખૂબજ કૃતાર્થ થયા હતા. સવારે ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ઠાકોરજીની શૃંગાર આરતી ઉતારી હતી. શહેરના તમામ હરિભક્તો સહ પરિવાર દર્શનાર્થે પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી ઠાકોરજીના દર્શન કરી સભામાં પીઠ સ્થાન પર બિરાજમાન થઈ હરિભક્તોને અલૌકિક દર્શનનું સુખ આપ્યું હતું.

બરાબર ૧૦-૩૦ કલાકે પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવ આદિ દેવોની છપ્પન ભોગ અન્નકૂટ આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થઈ હતી. હજારો શ્રીહરિના આશ્રિતોએ અન્નકૂટ આરતીના દર્શન કરી ખૂબજ ભાવ વિભોર થઈ ધન્ય ધન્ય બન્યા હતા.

અન્નકૂટ પ્રસાદ વિતરણ શ્રી નરનારાયણદેવ દેશના તમામ ગામોમાં સંત-પાર્ષદ મંડળ દ્વારા ભાઈબીજથી ચોથ સુધીમાં સમગ્ર અમદાવાદ સીટી અને ગામોમાં અન્નકૂટ પ્રસાદનું ખૂબજ સુંદર રીતે અને આયોજનબધ્ધ વિતરણ કરવામાં આવ્યું હતું. દરેક ગામોમાં અન્નકૂટ પ્રસાદની ટોપલા ટોપલી સાથે કેલેન્ડર-દટ્ટા પણ ભેટ રૂપે અપાયા હતા.

સમગ્ર દીપોત્સવી ઉત્સવના આયોજનમાં સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી સ.ગુ. હરિચરણ સ્વામી (કલોલ), સ.ગુ. જે.પી. સ્વામી, સ.ગુ. કોઠારી જે.કે. સ્વામી, સ.ગુ. નટુ સ્વામી (જૂનાગઢ), ભંડારી યોગી સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત-પાર્ષદ મંડળ અને હરિભક્તોએ સુંદર સેવા બજાવી હતી. અનેક સંત-હરિભક્તો પણ અન્નકૂટની સેવામાં જોડાયા હતા. ખાસ મહત્વની સેવા અન્નકૂટ પ્રસાદમાં ઘી, તેલ, અનાજ, ખાંડ, ગોળ, ડ્રાઈફ્રૂટની ઉત્તમ સેવા પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી ઘણા હરિભક્તોએ કરી હતી. (કોઠારી શા. સ્વા. નારાયણમુનિદાસજી - કાલુપુર મંદિર)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીનો વરઘોડો

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાને ઉત્સવ સમૈયાની જે પ્રણાલિકા શરૂ કરેલી તે આજે પણ સુંદર રીતે જળવાઈ રહી છે. ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં વિઘ્નહર્તા દેવ શ્રી ગણપતિ મહારાજનો વરઘોડો પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં સંતો-હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ પરંપરાગત ઢોલ-નગારા મંજીરા જેવા વાજીંત્ર વાદકના સૂર સાથે નંદ સંતો રચિત કીર્તન ભક્તિ ઓચ્છવ કરતા બપોરે ૧-૦૦ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરથી નીકળ્યો હતો. જે નારણઘાટ મંદિર સાંજે ધૂન કીર્તન આરતી કરીને ઠાકોરજીને નૌકા વિહાર કરાવી રાત્રે ૭-૩૦ કલાકે પ.પૂ. લાલજી મહારાજશ્રી સંત-હરિભક્તો સાથે શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર વરઘોડો પરત આવ્યો હતો.

જ્યાં મંદિરના ચોકમાં ભવ્ય ઓચ્છવ થયો હતો. ત્યારબાદ ઠાકોરજીની આરતી થઈ હતી. આ પ્રસંગે પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીના માર્ગદર્શનથી સ.ગુ. સ્વામી

હરિચરણદાસજી, જે.પી. સ્વામી, કોઠારી જે.કે. સ્વામી, ભંડારી યોગી સ્વામી, ભક્તિ સ્વામી આદિ સંત-પાર્ષદ મંડળે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(કોઠારી શા. નારાયણમુનિ સ્વામી)

**"મા" ભાગીરથી ગંગાના સાનિધ્યમાં રૂષિકેશમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ**

ભરતખંડના રાજાધિરાજ પરમ કૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કાલુપુર)ના સુંદર માર્ગદર્શનથી તા. ૧૭-૯-૧૯ થી તા. ૨૩-૯-૧૯ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પ.ભ. પરસોતમદાસ ઈશ્વરભાઈ પટેલ (સોજા) પરિવાર હ. રમેશભાઈ, જીતુભાઈ, સુરેશભાઈ સહ યજમાન પ.ભ. રતિભાઈ ખીમજીભાઈ પટેલ, પ.ભ. અરવિંદભાઈ દોંગા, પ.ભ. સાંકળચંદ કે. પટેલ, પ.ભ. અરવિંદભાઈ ઝવેરી, પ.ભ. ઘનશ્યામભાઈ અંબાલાલ પટેલ આદિ હરિભક્તોના યજમાનપદે અને પૂ. સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજી (કોટેશ્વર)ના વક્તાપદે ગંગાની ગોદમાં મુમુક્ષુ હરિભક્તોએ કથામૃત પાન કરી ખૂબજ કૃતાર્થ થયા હતા. કથા દરમ્યાન સ.ગુ. કોઠારી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજીએ સભા સંચાલન સાથે સમગ્ર શ્રોતાઓ માટે સુંદર વ્યવસ્થા ઉતારા, પાણી, પ્રસાદ, જમવા સાથેનું ખરેખર સુંદર આયોજન કર્યું હતું. કથા પ્રસંગમાં સ.ગુ. પૂ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર), પૂ. મહંત શા. સ્વામી નારાયણવલ્લભદાસજી (વડનગર), પૂ. જે.પી. સ્વામી, પૂ. શા. કોઠારી નારાયણમુનિ સ્વામી, શા. ગોપાલ સ્વામી (પ્રાંતિજ), મહંત સ્વામી દિવ્યપ્રકાશદાસજી (નારણઘાટ), વિશ્વસ્વરૂપ સ્વામી (મૂળી) તથા હરિદ્વાર મહંતશ્રી મુકુંદ સ્વામી આદિ સંતો પધાર્યા હતા અને સૌને આશીર્વાદ આપ્યા હતા.

સમગ્ર આયોજનમાં પ.ભ. જયરામભાઈ કાનાણી, રમેશભાઈ કોઠારી (ગવાડા), જીગર ભાવસાર આદિ અનેક ભક્તજનોએ ખડે પગે સેવા બજાવી હતી. રેલ્વેમાં અને ફલાઈટમાં આવનાર તમામ ભક્તોને તમામ પ્રકારની સુંદર સુવિધા પુરી પાડવામાં આવી હતી. પરંતુ આ બધું ગૌણ છે. મુખ્ય હેતુ તો ભગવાનનું સ્મરણ કથાવાર્તાનું જે સુખ મળ્યું તે તો કાંઈક ઔર હતું અલૌકિક હતું.

કથા દરમ્યાન સંતો દ્વારા તમામ યજમાનશ્રીઓ, અગ્રગણ્ય હરિભક્તો, નાની મોટી સેવા કરનાર હરિભક્તો, કાલુપુર મંદિરના કેશીયરશ્રી ઈશ્વરભાઈ પટેલ, કોમ્પ્યુટર ઓપરેટર શ્રી અતુલભાઈ કપુપરા, શ્રી જીગર ભાવસાર, પંકજ પંચાલ, શ્રી નંદકિશોર આદિ સૌનું સન્માન કરી તેમની સેવાને બિરદાવી હતી. (કોઠારી શા. નારાયણમુનિ સ્વામી)

**મા ગંગાની ગોદમાં (હરિદ્વાર) શ્રીમદ્ ભાગવત પારાયણ**

સર્વોપરી ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી તથા સ.ગુ. મહંત શા. પી.પી. સ્વામી (ગાંધીનગર)ના સુંદર માર્ગદર્શનથી અને દિયોદર (બનાસકાંઠા) શ્રી સ્વામિનારાયણ મંદિરના સમસ્ત હરિભક્તોના સુંદર યજમાનપદે ભાગીરથી ગંગા મૈયાની ગોદમાં હરિના દ્વારમાં તા. ૧૬-૯-૧૯ થી તા. ૨૨-૯-૧૯ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ. શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીના વક્તાપદે સંગીતના મધુર તાલે સંપન્ન થઈ હતી. કુદરતના સૌંદર્ય સમા હરિદ્વારમાં બનાસકાંઠાના અનેક મુમુક્ષુઓએ શ્રીમદ્ ભાગવત કથાનું શ્રવણ કરી ખૂબજ ધન્ય ધન્ય બન્યા હતા. સમગ્ર કથા દરમ્યાન સભા સંચાલન સ.ગુ.શા.સ્વા. ગોપાલજીવનદાસજી (પ્રાંતિજ) એ સુંદર રીતે શોભાવ્યું હતું. હરિદ્વાર આપણા મંદિરના મહંત સ્વામી સ.ગુ. મુકુન્દ સ્વામીએ ખૂબજ સારો સહયોગ આપ્યો હતો. કથા પ્રસંગે પૂ. સ.ગુ. શા. પી.પી. સ્વામી (મહંતશ્રી ગાંધીનગર) સ.ગુ. મહંત શા. સ્વા. નારાયણવલ્લભદાસજી (વડનગર), જે.પી. સ્વામી, શા. રામ સ્વામી, વિશ્વસ્વરૂપ સ્વામી (મૂળી), ગોપાલ સ્વામી (પ્રાંતિજ), નારણઘાટના મહંત દિવ્યપ્રકાશ સ્વામી આદિ ઘણા સંતો પધાર્યા હતા. કોઠારી શા. મુનિ સ્વામી અને સંત મંડળે સુંદર વ્યવસ્થાનું આયોજન કર્યું હતું.

(કોઠારી શા. નારાયણમુનિ સ્વામી - કાલુપુર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જયપુર (રાજ.) પંચદશાબ્દી મહોત્સવ એવમ્ બાલધૂન મંડળનો સુવર્ણ જયંતી મહોત્સવ**

સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા અમદાવાદ મંદિરમાં બિરાજમાન સ્વસ્વરૂપ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા જયપુર શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૦૪ મો સ્થાપના દિન એવમ્ નિજ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો ૧૫ મો વાર્ષિક પાટોત્સવ તથા જયપુર બાલધૂન મંડળનો સુવર્ણ જયંતી (૫૦ વર્ષ) મહોત્સવ તા. ૩૧-૮-૨૦૧૯ થી તા. ૨-૯-૨૦૧૯ પર્યન્ત ધામધૂમથી સંપન્ન થયો. જયપુર એટલે દુનિયાનું 'પિન્ક સીટી' અને કલા અને સંસ્કૃતિનું આગવું સ્થાન ધરાવે છે.

૧૦૪ વર્ષ પહેલા ગુજરાતથી ધંધાર્થે વાંકાનેરના પ.ભ. માવજીભાઈ ત્રિકમજી પરિવાર જયપુર સ્થાયી થયા હતા અને શ્રી નરનારાયણદેવ દેશના મંદિર માટે તેઓએ આ કિંમતી જમીન અર્પણ કરી હતી. ત્યારબાદ ખંભાત, મેતપુર, કલાદરા અને આજુબાજુના ગામોના હરિભક્તો અહીં ધંધાર્થે સ્થાયી

થયા હતા. અને સત્સંગ પણ તેટલો વિકસ્યો હતો. મેતપુરના અ.નિ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી કૃષ્ણજીવનદાસજીની પ્રેરણા અને માર્ગદર્શનથી ૫૦ વર્ષ પહેલાં જયપુરમાં 'બાલ ધૂન મંડળ'ની સ્થાપના કરવામાં આવી હતી. જેના ઉપક્રમે આવો મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ત્રિદિનાત્મક કથા પારાયણ અહીંના સુંદર શ્રી ગોવિંદદેવજી સત્સંગ ભુવનમાં થઈ હતી. સંત-હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં પૂ. શાસ્ત્રી પી.પી. સ્વામી (જેતલપુર), પૂ. જગતપ્રકાશદાસજી સ્વામી, ભુજના પૂ. સંતો, પૂ. ગોવિંદ સ્વામી (વડતાલ) આદિ દ્વારા દિપ પ્રાગટ્ય અને મંગલ આશીર્વચનથી સમગ્ર વિસ્તાર ધાર્મિક વાતાવરણથી પ્રભાવિત થયો હતો. તા. ૩૧-૮-૧૯ ના ઠાકોરજી સમક્ષ વિવિધ કુદરતી ફુલોનો ફૂલકુટોત્સવ સંપન્ન થયો હતો.

કથાના પ્રથમ સત્રમાં ભુજના દેવ વિહારી સ્વામીએ કથામૃત પાન કરાવ્યું હતું. બપોરના બીજા સત્રમાં સ.ગુ. શા. સ્વામી રામકૃષ્ણદાસજીએ (કોટેશ્વર ગુરુકુળ) દેવ આચાર્યશ્રીનો મહિમા કહ્યો હતો. સાંજે ભવ્ય રાસોત્સવ થયો હતો. અને બરાબર ૫-૦૦ વાગે જેમના દર્શનની સૌ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા એવા આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું શુભ આગમન થયું હતુ.

તા. ૧-૯-૨૦૧૯ના સવારે ઠાકોરજીનો પુષ્પાભિષેક સંતો દ્વારા થયો હતો. ત્યારબાદ ડ્રાયફ્રૂટોત્સવના અલૌકિક દર્શન કરાવવામાં આવ્યા હતા. પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીની આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ પ.પૂ. મહારાજશ્રી કથા મંડપમાં પધાર્યા હતા. સંત-હરિભક્તોએ સુંદર સ્વાગત સામૈયું કર્યું હતું. ધર્મકુળ પૂજનના યજમાન સ્વામિનારાયણ પરિવાર વતી પ.ભ. હરિશભાઈએ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું પૂજન અર્ચન કર્યું હતું. અને છેલ્લે સમગ્ર સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ સૌ હરિભક્તોને દેવ સાથે જોડાઈ રહેવા અને ભગવાનને જ મુખ્ય રાખવા અને દેવમાં નિષ્ઠા દૃઢ રાખવા કહી રૂડા આશીર્વાદ આપ્યા હતા.

મંદિરના હોલમાં સમૂહ મહાપૂજાનું સુંદર આયોજન થયું હતું. સ.ગુ. શા. સ્વા. ભક્તિકિશોરદાસજી (સાવદા)એ શાસ્ત્ર મહિમા સમજાવ્યો હતો. સાંજે શા. સ્વા. હરિગુણદાસજીએ સત્સંગ-સત્સંગીનો મહિમા સમજાવ્યો હતો. નિજ મંદિરમાં બિરાજતા બાલસ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજની સુવર્ણ તુલા વિધિવત રીતે થઈ હતી. ઉમરેઠ બાળ મંડળ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો.

તા. ૨-૯-૨૦૧૯ના રોજ ઠાકોરજી સમક્ષ મુખાવાસોત્સવ મનોરથના ભવ્ય દર્શન કરાવવામાં આવ્યા હતા. સવારે ૮ વાગે વિશ્વશાંતિ માટે શ્રીહરિયાગનો પ્રારંભ થયો હતો. યજ્ઞ વિધિમાં જયપુર-પ્રયાગ મંદિરના મહંત સ્વામી નારાયણ સ્વરૂપદાસજી સાથે સંત સમુદાય જોડાયેલ. યજમાનોએ બ્રહ્મદેવ સાથે વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞદેવને આહુતિ અર્પી હતી. સવારે પ્રથમ સત્રમાં કોઠારી શા. સ્વા. હરિપ્રસાદદાસજીએ જયપુર મંદિરનો ઈતિહાસ અને સાંજના શા. સ્વા. નારાયણચરણદાસજી (વડતાલ)એ શ્રીહરિ નામનો મહિમા કહ્યો હતો. સાંજે ઠાકોરજીની જળયાત્રા-નગરયાત્રા શણગારેલા રથો, બગીઓ, પ્રેરણાત્મક ફ્લોટ, હાથી, ઉંટ, ઘોડા, પાલખી, બેન્ડ, ભજન મંડળીઓ ઢોલ નગારા સાથે ૧૦૮ કળશ ધારી બહેનો શોભાયાત્રામાં સૌનું ખાસ ધ્યાન કેન્દ્રીત કરતા હતા. તેનાથી શહેરના રાજમાર્ગો પર ભક્તિનું મોજું પ્રસરાયું હતું.

તા. ૩-૯-૨૦૧૯ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રસ્થાપિત દેવોને ૧૫ વર્ષ પૂર્ણ થતા ઠાકોરજીનું અંગ પૂજન પંચામૃત મહાભિષેક બાદ શણગાર આરતી થઈ હતી. ત્યારબાદ ભગવાનને છપ્પન ભોગ અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ બાળ મંડળના સુવર્ણ જયંતી મહોત્સવના ઉપક્રમે કીર્તન ભક્તિ અને ઈનામ વિતરણ સંતોના હસ્તે પૂર્ણ થયો. મુંબઈ, મેતપુર, ભાયંદર, સુરત ; બેંગ્લોરથી પધારેલા બાળ મંડળના પ્રમુખોનું સુંદર સન્માન કરવામાં આવ્યું.

સમગ્ર પ્રસંગ દરમ્યાન ધામોધામથી પધારેલા સંતોના આશીર્વાદ અને સેવા કરનાર યજમાન હરિભક્તોનું સન્માન કરવામાં આવ્યું હતું. યજ્ઞ, મહાપૂજા, કથા, અભિષેકની વિધિ ઉમરેઠના વિદ્વાન પંડિત શ્રી મિતુલભાઈ શુકલ દ્વારા સંપન્ન થઈ હતી.

રસોડાની સેવા શા. સ્વયંપ્રકાશદાસજી અને ઘનશ્યામ સ્વામી (વડતાલ)એ સંભાળી હતી. સંત વિભાગમાં વિષ્ણુ સ્વામી, વિવેક સ્વામી (અમદાવાદ), યજ્ઞ મહાપૂજામાં હરિપ્રસાદ સ્વામી (જૂનાગઢ), અન્નકૂટ, ઠાકોરજીની સેવા પરમેશ્વર સ્વામી (કાલુપુર)એ સંભાળી હતી. સમગ્ર મહોત્સવમાં સભા સંચાલનની સેવા શા. ઉત્તમચરણ સ્વામી (ભુજ) અને શા. હરિગુણ સ્વામી (ઉમરેઠ)એ સંભાળી હતી. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની ઉતારાની સેવામાં સ.ગુ. મહંત સ્વામી દેવપ્રસાદદાસજી (અયોધ્યા) રહ્યાં હતાં. નામી અનામી બન્ને દેશના સંતોની પ્રેરણાત્મક સેવા રહી હતી. પ.પૂ. મહારાજશ્રી સાથે અમદાવાદ મંદિરના કોઠારી જે.કે. સ્વામી સેવામાં જોડાયા હતા.

સમગ્ર મહોત્સવમાં મુખ્ય યજમાનપદે અ.નિ.પ.ભ. મનુભાઈ બાપુભાઈ પટેલ (મેતપુર) પરિવાર રહ્યાં હતાં. પારાયણના મુખ્ય યજમાન અ.નિ.પ.ભ. સોમચંદભાઈ મગનભાઈ પરિવાર, મહોત્સવના સહ યજમાન પ.ભ. જયેશભાઈ શાંતિલાલ પટેલ પરિવાર આદિ જયપુરના નાના મોટા હરિભક્તોએ વિવિધ સેવા કરીને શ્રીહરિ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો હતો. સાધુગુણ સંપન્ન પૂ. મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી (જયપુર-પ્રયાગ) અને પૂ. મહંત શા.

સ્વામી રામાનુજદાસજી (જયપુર)ના અથાગ પ્રયત્ન અને સૌ હરિભક્તોના સહિયારા પુરુષાર્થ અને તન, મન અને ધનની સેવાથી આ મહામહોત્સવ ભવ્યતાથી ઉજવાયો હતો. પધારેલા તમામ સંત-પાર્ષદો અને હરિભક્તોએ ખૂબજ સેવા કરી હતી. જે ક્યારેય ભૂલાય તેમ નથી.

(પાર્ષદ કમલેશ ભગત - કોઠારીશ્રી પ્રયાગરાજ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હર્ષદ કોલોની પંચાન્હ જ્ઞાનયજ્ઞ-ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા પ.ભ. દાસભાઈની પ્રેરણાથી ચાતુર્માસમાં ધર્માદા નિમિત્તે કથા પ.ભ. પરેશભાઈ ડોબરીયા તરફથી તેમના પિતાશ્રી અ.નિ. જયંતીભાઈની પુણ્યસ્મૃતિમાં તા. ૨૬-૮-૧૯ થી તા. ૩૦-૮-૧૯ પર્યન્ત નંદ સંતોના જીવનકવનની કથા સ.ગુ. શા. સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) અને છેલ્લા દિવસે શા. સ્વા. કુંજવિહારીદાસજી (અમદાવાદ) એ રાત્રીય કથામૃતપાન કરાવ્યું હતું.

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ગં.સ્વ. કહુંબાબેન રામજીભાઈ સુહાગીયાના યજમાન પદે તેમજ અન્ય બહેનોની નાની મોટી સેવાથી તા. ૪-૯ થી ૮-૯-૧૯ પર્યન્ત બપોરના ૨-૦૦ થી સાંજના ૫-૦૦ દરમ્યાન સાં. ભારતીબા, રેખાબા, મયુરીબા, મધુબા અને ગીતાબાના વક્તાપદે જ્ઞાનયજ્ઞનું સુંદર આયોજન થયું હતું. કથામાં શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, લાડુ ઉત્સવ, રાસોત્સવ, પાલખી ઉત્સવ આદિ ઉજવાયા હતા. છેલ્લા દિવસે સમૂહ મહાપૂજા અને ભોજન પ્રસાદનું સુંદર આયોજન થયું હતું. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી પધાર્યા હતા અને યજમાન બહેનોનું સન્માન કરી સમસ્ત બહેનોને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પૂજારી ચંપાબાએ પ.પૂ. ગાદીવાળાશ્રીનું પૂજન કર્યું હતું. તા. ૩૦-૮ અમાસના બહેનોએ અખંડ ૬ કલાકની ધૂન કરી હતી. તા. ૪-૯- ના પ.ભ. દાસભાઈના માતુશ્રીની સ્મૃતિમાં ૩ કલાકની ધૂન અને ભોજન પ્રસાદનું આયોજન થયું હતું. આ પ્રસંગે ગાંધીનગરથી મહંત સ્વામી શા. પી.પી. સ્વામી સંત-મંડળ સાથે પધારી આશીર્વાદ આપ્યા હતા.

(ગોરધનભાઈ સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા રામબાગ ખાતે અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ પર્યન્ત ઠાકોરજી સમક્ષ વિવિધ પ્રકારના સુંદર હિંડોળા બનાવી હજારો મુમુક્ષુઓને દર્શન કરાવ્યા હતા. સમગ્ર હિંડોળા બનાવવાની સેવા મહિલા મંડળની બહેનો દ્વારા કરવામાં આવી હતી.

(કાંકરિયા શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઝુંડાલ શ્રીમદ્ ભાગવત રાત્રીય પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી રાજેન્દ્રપ્રસાદદાસજી (કાલુપુર)ની પ્રેરણાથી પ.ભ. નીતિનભાઈ ચતુરભાઈ પટેલ પરિવારના યજમાન પદે પવિત્ર શ્રાવણ માસમાં શ્રીહરિ પ્રસન્નાર્થે તા. ૧૬-૮-૧૯ થી તા. ૩૦-૮-૧૯ પર્યન્ત શા. સ્વા. સત્સંગસાગરદાસજી (સુરેન્દ્રનગર)ના વક્તાપદે શ્રીમદ્ ભાગવત રાત્રીય પારાયણનું સુંદર આયોજન થયું હતું. દરરોજ મોટી સંખ્યામાં ભક્તજનો કથા શ્રવણ કરી ધન્ય ભાગી થયા હતા.

કથા અંતર્ગત પોથીયાત્રા, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રાસોત્સવ ધામધૂમથી ઉજવાયા હતા. તા. ૧૬-૮-૧૯ ના રોજ સાંજના સમગ્ર ભક્તોને ભોજન પ્રસાદ જમાડવામાં આવેલ.

શ્રી નરનારાયણદેવ યુવક મંડળે સમગ્ર કથા દરમ્યાન પ્રેરણારૂપ સેવા બજાવી હતી. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર ખાતે ચાતુર્માસમાં કથામાં વારામાં આવેલા કાલુપુર મંદિરના સ્વા. ઘનશ્યામદાસજીએ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી કૃત ભક્ત ચિંતામણી પરચા પ્રકરણનું કથામૃત પાન કરાવ્યું હતું. સ્વામી કેશવચરણદાસજીએ શ્રીહરિના મહિમાની વાતો સંભળાવી હતી. ઠાકોરજી સમક્ષ સુંદર કલાત્મક હિંડોળા બનાવી ભક્તોને દર્શન કરાવ્યા હતા. શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ રાત્રે ૧૨ કલાકે આરતી કરીને ઉજવ્યો હતો.

ભાદરવા સુદ-૧૧ જલઝીલણી ના ઠાકોરજીની ભવ્ય નગરયાત્રા કરી નૌકા વિહાર કરાવી સંત-હરિભક્તોએ ધૂન ભજન કીર્તન કરી ઠાકોરજીની આરતી ઉતારી હતી.

(મધુકર કે. ત્રિવેદી - કોઠારીશ્રી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર હિંમતનગર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા સહ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વા. પ્રેમપ્રકાશદાસજીની પ્રેરણાથી શ્રાવણ વદ-૮ કૃષ્ણ જન્માષ્ટમી અને રાધાષ્ટમીના મહિલા મંડળ દ્વારા ધૂન-કીર્તન કરી ઠાકોરજીની આરતી ઉતારી હતી. ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના ઠાકોરજીને જળ ક્રિડા કરવામાં આવી હતી. રાત્રે સભા થઈ હતી. વામન જયંતીના બપોરે ૧૨-૦૦ વાગે આરતી થઈ હતી. તા. ૧૫-૯-૧૯ ખીચડી ઉત્સવ અને કથા વાર્તા સ્વામીએ કરી હતી. ૩૦૦ જેટલા હરિભક્તોએ લાભ લીધો હતો. (જય પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા (હરિમંદિર) ૧૦૩ મો વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુર ધામના પૂ. મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા (જુનુ મંદિર)માં ઠાકોરજીનો પાટોત્સવ અભિષેક-પૂજન જેતલપુર મંદિરના મહંત પૂ. કે.પી. સ્વામી, મહેસાણા મંદિરના મહંત નારાયણ સ્વામી અને શા. ઉત્તમ સ્વામીના વરદ્ હસ્તે થયું હતું.

સુંદર સત્સંગ સભામાં શા. સ્વા. ચંદ્રપ્રકાશદાસજી (બીલીયા) શા. સ્વા. ધર્મસ્વરૂપદાસ અને શા. સ્વા. ધર્મનંદનદાસજીએ (જેતલપુર) કથા વાર્તાનો લાભ આપેલ. અભિષેક અને સંત પૂજનના યજમાન ડૉ. નરેન્દ્રભાઈ ડી. અને અન્નકૂટના યજમાન શ્રી ભરતભાઈ મંગળદાસ ભાવસાર રહ્યાં હતાં. સૌ ભક્તોએ ઠાકોરજીના દર્શન કરી કથાનો લાભ લઈ મહાપ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.

(હિતેન્દ્રસિંહ રાઓલ- મહેસાણા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર દેવરાસણ વાર્ષિક પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુર ધામના પૂ. મહંત સ.ગુ. શા. સ્વા. આત્મપ્રકાશદાસજી તથા પૂ. શા. પી.પી. સ્વામીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર દેવરાસણનો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો. આ પ્રસંગે જેતલપુર ધામથી પૂ. શ્યામ સ્વામી, મહંતશ્રી પૂ. ઉત્તમ સ્વામી (મહેસાણા) તથા જેતલપુર મંદિરના મહંત પૂ. કે.પી. સ્વામી આદિ સંત મંડળના વરદ્ હસ્તે ઠાકોરજીનું પૂજન-અર્ચન અભિષેક અને અન્નકૂટ આરતી થઈ હતી. જેના યજમાન મંદિરના કોઠારી દિલીપદાન મોજદાન ગઢવી પરિવાર રહ્યા હતા. જેતલપુર મંદિરના ધર્મનંદન સ્વામીએ કથાવાર્તા કરી હતી. છેલ્લે સૌને મહાપ્રસાદ જમાડ્યો હતો.

(મહંત સ્વામી નારાયણપ્રસાદદાસજી - મહેસાણા)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**હાલાર વિભાગના હરિભક્તો દ્વારા રાજકોટમાં જલઝીલણી ઉત્સવ**

મૂળીધામમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા મૂળી મંદિરના સ.ગુ. શા. સ્વા. નારાયણપ્રસાદદાસજી (સાયલા)ની પ્રેરણાથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ રાજકોટ (હાલાર દેશ) દ્વારા ભાદરવા સુદ-૧૧ જલઝીલણી મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ઠાકોરજીને ત્રંબા ગામે ત્રિવેણી સંગમમાં જળ, વિહાર કરાવી પંચામૃત અભિષેક સંતો દ્વારા વિધિવત રીતે કરવામાં આવેલ. છેલ્લે આપણી પરંપરાગત પ્રણાલિકા મુજબ સંતો ઠાકોરજી સાથે હરિભક્તોના ઘેરઘેર પધાર્યા હતા. સ.ગુ. શા. સ્વા. નારાયણપ્રસાદદાસજી, શા. સ્વા. આત્મપ્રકાશદાસજી, ભાનુ સ્વામી, રામપ્રકાશ સ્વામી આદિ સંતોએ જલઝીલણી એકાદશીનું માહાત્મ્ય કહ્યું હતું. યુવક મંડળે પ્રેરણાત્મક સેવા બજાવી હતી. (શ્રી નરનારાયણદેવ યુવક મંડળ રાજકોટ હાલાર જયેશ ટાંક, ઘનશ્યામ વરૂ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા**

મૂળીધામમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓ-બહેનોનું) માં શ્રાવણ માસમાં ભવ્ય કલાત્મક હિંડોળા બનાવી ઠાકોરજીને ઝુલાવ્યા હતા. જેના પ્રેરક ઋષિપ્રકાશ રહ્યાં હતા. બહેનોના મંદિરમાં બાર બારણાનો હિંડોળો સાં. કંચનબા, ભગવતીબા અને હિરાબાના સુંદર માર્ગદર્શનથી કરવામાં આવ્યો હતો.

ધ્રાંગધ્રા બહેનોના નૂતન નવનિર્મિત મંદિરમાં શ્રાવણ માસની અમાસના શા. ભક્તિનંદનદાસજી (મૂળી)ની પ્રેરણાથી તથા સાં. કંચનબાના સુંદર પ્રયાસથી મહાપૂજાનું સુંદર આયોજન થયું હતું. જેમાં ૧૦૮ હરિભક્ત ભાઈ-બહેનોએ લાભ લીધો હતો. આ પ્રસંગે હળવદથી સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. સમગ્ર આયોજન સાં. હિરાબા તથા ભગવતીબાએ કર્યું હતું. છેલ્લે સૌ પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

તા. ૨૬-૮-૧૯ થી તા. ૩૦-૮-૧૯ પંચદિનાત્મક ચાતુર્માસ સત્સંગ જ્ઞાનયજ્ઞ કથા વાર્તાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીજી સ્વામી (હળવદ), શા. સ્વા. ભક્તિનંદન સ્વામી (મૂળી) અને સંત મંડળે કથાવાર્તાનો લાભ આપેલ. જેમાં અત્રે મંદિરના સાં. કંચનબા, ભગવતીબા, હિરાબા તથા મધુબા (હળવદ) આદિ બહેનો પધાર્યા હતા. ૨૦૦ જેટલા હરિભક્તોએ કથા વાર્તાનો લાભ લઈ પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. (પ્રતિ. અનિલ દુધરેજીયા - ધ્રાંગધ્રા)

**હળવદ - રણજીતગઢ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળ પરિવારના આશીર્વાદથી તથા શ્રીજી સ્વામી (હળવદ) અને શા. ભક્તિહરિ સ્વામી (રણજીતગઢ)ની પ્રેરણાથી ચાતુર્માસમાં હિંડોળા દર્શન નિમિત્તે શા. સ્વા. ભક્તિનંદનદાસજીના સુંદર પ્રયાસથી ૬ લકઝરી બસ દ્વારા ધ્રાંગધ્રા-હળવદ-મોરબીના હરિભક્તોને ભુજ કચ્છની પંચ તિર્થિના દર્શન કરાવ્યા હતા. હરિભક્તોએ આવા અલૌકિક દર્શન કરી ધન્ય બન્યા હતા.(પ્રતિ. અનિલ દુધરેજીયા - ધ્રાંગધ્રા)

**શ્રાવણ માસમાં શ્રી સ્વામિનારાયણ મંદિર મકનસર દ્વારા ધૂડકોટ (હાલાર)માં સત્સંગ સભા**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની

કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મકનસર મંદિરના મહંત સ.ગુ. શા. હરિપ્રકાશદાસજી ગુરુ શા.સ્વા. નારાયણપ્રસાદદાસજીના માર્ગદર્શનથી અને ગામના સર્વે હરિભક્તોના સાથ સહકારથી હાલાર પ્રદેશના ધૂડકોટ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૮-૯-૧૯ થી ૧૨-૯-૧૯ પર્યન્ત શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ પંચાન્હ પારાયણનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

જેના વક્તા શા. કપિલમુનિદાસજીએ સરળ અને સુંદર ભાષામાં કથામૃત પાન કરાવ્યું હતું. કથાની પૂર્ણાહુતિમાં સર્વે હરિભક્તોએ લાભ લઈ સમૂહમાં પ્રસાદ લીધો હતો. (કોઠારીશ્રી નિર્ભયજીવનદાસજી - મકનસર મંદિર)

**મકનસર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સત્સંગ પ્રવૃત્તિ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી મકનસર મંદિરના મહંત સ.ગુ. શા. હરિપ્રકાશદાસજી ગુરુ શા.સ્વા. નારાયણપ્રસાદદાસજીની પ્રેરણાથી તેમજ કોઠારી નિર્ભયજીવનદાસજીના સુંદર માર્ગદર્શનથી શ્રી સ્વામિનારાયણ મંદિર મકનસર ખાતે તા. ૧૯-૮-૧૯ થી તા. ૨૫-૮-૧૯ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ શા.સ્વા. કપિલમુનિદાસજીના વક્તાપદે સંપન્ન થઈ હતી. બન્ને સમય ગામના કથા પ્રેમી ભક્તોએ કથા શ્રવણ કરી ખૂબજ ધન્ય બન્યા હતા. શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ધામધૂમથી ઉજવાઈ હતી. રાત્રે રાસ ગરબા-કીર્તન ભક્તિ કરીને રાત્રે ૧૨-૦૦ કલાકે જન્મોત્સવની આરતી થઈ હતી. (પ્રિન્સીપાલ સતીષભાઈ પ્રકાશભાઈ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જામસર (હાલાર) કથા પારાયણ**

મૂળીધામ નિવાસી શ્રીરાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મકનસર મંદિરના મહંત સ.ગુ. શા. હરિપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી તથા જામસર મંદિરના કોઠારી મગનભાઈ તથા સમસ્ત ગામના હરિભક્તોના સાથ સહકારથી શ્રી સ્વામિનારાયણ મંદિર જામસરમાં તા. ૩-૮-૧૯ થી તા. ૭-૮-૧૯ દરમ્યાન શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ શા. કપિલમુનિદાસજીના વક્તાપદે થઈ હતી. છેલ્લા દિવસે સમસ્ત ગામ-મહેમાન હરિભક્તો અને સંત-મંડળ સૌને પ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. (કોઠારી નિર્ભયદાસજી - મકનસર)

## વિદેશ સત્સંગ સમાચાર

**શ્રી સ્વામિનારાયણ મંદિર લેકલેન્ડ ફ્લોરીડા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા અત્રે મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી તા. ૨૪-૮-૧૯ ના રોજ શ્રી કૃષ્ણ જન્મોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. કીર્તનકાર શ્રી વિનોદભાઈના સુંદર રાગમાં નંદ સંતો રચિત કીર્તન અને રાસ ગરબા ધામધૂમથી થયા હતા. યુવક યુવતીઓએ મંદિર અને ઠાકોરજીનું સિંહાસન સુંદર રીતે શણગાર્યું હતું.

મહંત સ્વામીએ શ્રીમદ્ સત્સંગિજીવન કથા દ્વારા સૌને શ્રીહરિ સમકાલીન હરિભક્તોના દૃષ્ટાંત સાથે સૌને આધ્યાત્મિક જ્ઞાનની સમજ આપી હતી. પ્રમુખશ્રી નવીનભાઈએ આ કથા સૌને સાંભળવા મળે તે માટે યુ-ટ્યુબ લીંકની સુંદર વ્યવસ્થા કરી હતી.

રાત્રે ૧૨-૦૦ વાગે શ્રી કૃષ્ણ જન્મોત્સવની આરતી ધૂમધામથી થઈ હતી. (રસિક શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો ૨૧ મો પાટોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્, સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૨૧ મો વાર્ષિક પાટોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો.

આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ્વામી દિવ્યપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. ૨૧ કલાકની અખંડ ધૂન, પોથીયાત્રા, શ્રી હરિયાગ, ઠાકોરજીનો મહાભિષેક, છપ્પન ભોગ અન્નકૂટ આદિ કાર્યક્રમ થયા હતા. બ્લડ ડોનેશન કેમ્પનું પણ સુંદર આયોજન થયું હતું. સભામાં ધામોધામથી પધારેલા પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી (જેતલપુર), પૂ. સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજી, પૂજારી બ્ર. કે.પી. સ્વામી, શ્રી વલ્લભ સ્વામી, વ્રજવલ્લભ સ્વામી, ભક્તિનંદન સ્વામી (જેતલપુર), નિલકંઠ સ્વામી, બ્ર. સ્વા. પૂર્ણાનંદજી તેમજ કથાકાર શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટ આદિ સૌએ શ્રીહરિના મહિમાની વાતો કરી હતી.

પાટોત્સવના મુખ્ય યજમાન પ.ભ. જીવણભાઈ ચૌધરી, જીતીબેન ચૌધરી (બાલવા) પરિવાર, પારાયણના યજમાન શ્રી જીવણભાઈ, સીતાબેન, અ.નિ. શ્રી બળવંતરાય અને શકુંતલાબેન કવિના મોક્ષાર્થે શ્રી બિપીનભાઈ, નીતાબેન કવિ, પ્રશાંતભાઈ, ધ્રુવ કવિ, અભિષેકના મુખ્ય યજમાન હરિભાઈ પટેલ, સહ યજમાન મનોજભાઈ બ્રહ્મભટ્ટ, અન્નકૂટના મુખ્ય યજમાન રાકેશભાઈ, સહ યજમાન હરેશભાઈ, વરૂણભાઈ, અભયભાઈ ત્રિવેદી આદિ પરિવારે લાભ લીધો હતો. પૂજારી સંતો દ્વારા ઠાકોરજીનો ષોડશોપચાર અભિષેક વિધિવત થયો હતો. હજારો હરિભક્તોએ કથા શ્રવણ કરી દર્શન કરી કૃતાર્થ થયા હતા. (વસંત ત્રિવેદી)

**હ્યુસ્ટન (ટેકસાસ) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કથા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી

કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્, સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી આપણા હ્યુસ્ટન હિન્દુ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૧૯ ઓગસ્ટથી ૨૭ ઓગસ્ટ પર્યન્ત સાંજના ૬ થી ૯ શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ કથા સુવ્રત સ્વામીના વક્તાપદે થઈ હતી. રોજે હરિભક્તોને પ્રસાદરૂપી ભોજન યજમાન દ્વારા જમાડવામાં આવેલ. સોમવારના સાંજના પોથીયાત્રા ધામધૂમથી નીકળી હતી.

અષ્ટલક્ષ્મી મંદિરમાં ત્યાંના પૂજારી દ્વારા આરતી પ્રસાદ બાદ રાસગરબા થયા હતા. કથામાં આવતા ઉત્સવો પ્રસંગો ધામધૂમથી ઉજવાયા હતા. યજમાનોની સેવાને બિરદાવવામાં આવી હતી. (પ્રવિણ શાહ)

**એલન ટાઉન શ્રી સ્વામિનારાયણ મંદિર**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી એવમ્, સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા મહંત શા. ધર્મકિશોર સ્વામીના માર્ગદર્શનથી આપણા હિન્દુ શ્રી સ્વામિનારાયણ મંદિર એલન ટાઉનમાં શ્રાવણ વદ-૮ના શ્રી કૃષ્ણજન્મોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ યુવા ભક્તોએ કીર્તન ભક્તિ ધૂન કરી હતી. મહંત સ્વામીએ શ્રીકૃષ્ણ જન્મોત્સવની કથા સંભળાવી હતી. આ પ્રસંગે હરિભક્તોએ યજમાન અને સહ યજમાન બની સુંદર સેવા કરી હતી. મહંત સ્વામીએ સેવા કરનારનું સન્માન કર્યું હતું.

સૌને ફરાળ રૂપી પ્રસાદ જમાડવામાં આવેલ. રાત્રે ૧૨-૦૦ કલાકે શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી ધામધૂમથી થઈ હતી. પ્રેસિ. શ્રી ભીખાભાઈએ આગામી ઉત્સવોની માહિતી આપી હતી. ઠાકોરજીને થાળ-આરતી નિત્ય નિયમ કરી સૌએ પ્રસાદ લીધો હતો. (પ્રવિણ શાહ)

**કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિર**

